ઓક્ટોબર-૨૦૧૭ ❖ વર્ષ : ૨૩ ❖ અંક : ૭ ❖ સળંગ અંક : ૨૭૧

બાલપુષ્ટિ



કીર્તનસાગર પરમાનંદદાસજી

ભેટપુસ્તક-વિશેષાંક : ૨૦૧૭-૧૮

પ. ભ. શ્રીમતી કુસુમબેન અરુજીસ

પ. ભ. ગો. વા. બકુલાબેન પટેલ

ના સર્વે વૈષ્ણવોને સદૈન્ય ભગવદ્ સ્મરણ.

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રીવલ્લભઃ ॥

બાલપુષ્ટિ

ભેટપુસ્તક-વિશેષાંક : ૨૦૧૭-૧૮
ઓક્ટોબર-૨૦૧૭ ❖ વર્ષ : ૨૩ ❖ અંક : ૭ ❖ સળંગ અંક : ૨૭૧



કીર્તનસાગર પરમાનંદદાસજી

તંત્રી
વસંતબેન ર. પરીખ

લેખક
શ્રી રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

બાલમિત્રોને

શ્રીજીબાવાના લાડીલાં વહાલાં બાલમિત્રો,

સૌને વસંતબેનના પ્રેમભર્યા આશીર્વાદ અને જયશ્રીકૃષ્ણ.

મિત્રો, તમારું વહાલું 'બાલપુષ્ટિ' જોતજોતામાં ૨૩ વર્ષનું થઈ ગયું છે. એ તમને દર વર્ષે એક સુંદર રંગબેરંગી ચિત્રોવાળો વિશેષાંક ભેટપુસ્તક સ્વરૂપે આપે છે. જે પુસ્તક તમને શ્રીજીબાવાની, શ્રીમહાપ્રભુજીની, શ્રીનિધિસ્વરૂપોની, શ્રીગિરિરાજજીની મીઠી મધુરી વાતો કહે છે. એ બધી વાર્તાઓ તમને વાંચવાની મઝા પડે છે ને?

આ વર્ષે 'બાલપુષ્ટિ' તમને શ્રીજીબાવાના એક ખાસ સખાની વાર્તા કહેશે. એમનું નામ છે પરમાનંદદાસ. પુષ્ટિમાર્ગમાં બે સાગર થયા છે. એક સૂર સાગર અને બીજા પરમાનંદ સાગર. એમણે પ્રભુની લીલાનાં દર્શન કરી અસંખ્ય કીર્તનોની રચના કરી છે. પરમાનંદદાસજીના જન્મથી લઈ લીલાપ્રાપ્તિ સુધીના એમના જીવન પ્રસંગો અને એમણે રચેલાં કીર્તનો દ્વારા એમનો પરિચય કરાવવાનો આ પુસ્તકમાં પ્રયાસ કર્યો છે. કેટલાંક કીર્તનો એના ભાવાર્થ સાથે લીધાં છે. જેથી કીર્તન પ્રેમી વૈષ્ણવો કીર્તનોને સમજીને એનો રસાસ્વાદ માણી શકે. આ ભક્તકવિના લોકોત્તર ચરિત્રને પણ સમજી શકે. વળી દરેક પ્રસંગને અનુરૂપ બહુરંગી ચિત્રો પણ આપ્યાં છે. તમે એ ચિત્રો જોતાં જોતાં પ્રસંગો વાંચશો તો ખૂબ આનંદ આવશે. ગુરુકૃપા અને પ્રભુકૃપા થાય ત્યારે ભક્તના જીવનમાં કેવું સામર્થ્ય આવે છે તે પણ તમને જાણવા મળશે.

પુસ્તકના સુંદર ચિત્રો તૈયાર કરી આપવા બદલ શ્રી વિમળાબેન ભાટિયા અને શ્રી શ્યામસુંદર પુરોહિતનો આભાર માનજો. જે મનોરથી વૈષ્ણવોએ આ પુસ્તકને તમારા સુધી પહોંચાડવામાં મદદ કરી છે તેમનો પણ આભાર માની તેમને ભગવદ્ સ્મરણ પાઠવજો. પુસ્તક તમને ગમ્યું કે નહિ તે જરૂર જણાવશો.

- વસંતબેન પરીખ

અનુક્રમ

૧ ગયે નહિ શોચ, આયે નહીં આનંદ ૮
૨ સ્વપ્નમાં શ્રી નવનીતપ્રિયજીનાં દર્શન ૧૦
૩ જીયની સાધ જીયમેં રહીરી ૧૪
૪ દેવા કપૂર સાથે મેળાપ ૧૭
૫ બ્રહ્મસંબંધ દીક્ષાનું દાન ૨૧
૬ હરિ તેરી લીલાકી સુધિ આવત ૨૪
૭ ગોકુળમાં આગમન ૨૯
૮ શ્રી ગોવર્ધનનાથજીની કીર્તનસેવા મળી ૩૨
૯ કૌન યહ ખેલવેકી બાન ૩૬
૧૦ ભગવદીય વૈષ્ણવો પધાર્યા ૩૯
૧૧ મંગલ મંગલં વ્રજભૂવિ મંગલમ્ ૪૨
૧૨ નંદમહોત્સવનો આનંદ ૪૫
૧૩ પરમાનંદદાસજીને લીલાપ્રાપ્તિ ૫૦
૧૪ પરમાનંદદાસજી રચિત કેટલાંક પદ – ભાવાર્થ સાથે ૫૫

* * *

શ્રી હરસાનીજી બાલ-યુવા સન્માન પારિતોષિક સ્પર્ધાઓ : ૨૦૧૭

'બાલપુષ્ટિ'ની વર્ષગાંઠ નિમિત્તે શ્રી હરસાનીજી બાલ-યુવા સન્માન પારિતોષિક સ્પર્ધાઓનું આયોજન તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ (રવિવાર)ના રોજ શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા, અમદવાદ ખાતે કરવામાં આવ્યું છે.

પાંચ સ્પર્ધાઓ અગિયાર વિભાગમાં યોજાશે. તમે તે માટે ફોર્મ ભરીને મોકલી આપ્યાં હશે. ન ભર્યું હોય તો આજે જ ભરીને મોકલી આપશો. સારી રીતે તૈયારી કરીને સ્પર્ધાઓમાં ભાગ લેશો અને તમારા પુષ્ટિજ્ઞાન તથા પુષ્ટિમાર્ગીય કીર્તનગાન અને કલા-કૌશલ્યનો વિકાસ થાય તે માટે તથા પૂ. શ્રી આચાર્યચરણોના આશીર્વાદ પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નશીલ બનશો.

- વસંતબેન પરીખ

એક વૈષ્ણવ, મહેસાણાના જયશ્રીકૃષ્ણ.

કુસુમબેન અરૂજીસ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

હિતેશભાઈ ડી. શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

વિરમતીબેન જગુભાઈ અમીનના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. વિજયાબેન અને ગો.વા. ભાયચંદભાઈ છોટાલાલ શેઠના જયશ્રીકૃષ્ણ.

એક વૈષ્ણવ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

શ્રી રમેશ જી. ભાટીયા, બેંગ્લોરના જયશ્રીકૃષ્ણ

ત્રીશા પ્રતિકભાઈ શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

ચિ. ભાગ્યશ્રી દિલીપભાઈ ગુજર, નાસિકના જયશ્રીકૃષ્ણ.

મોડાસા એકડા ખડાયતા (કાંદીવલી-મુંબઈ)ના વૈષ્ણવોના જય જય ગોકુલેશ.

મંજુલાબેન વસંતભાઈ સોની, ગાંધીનગરના જયશ્રીકૃષ્ણ.

સૌ. ભાવનાબેન સુરેશભાઈ શેઠ, બોરીવલી-મુંબઈના જયશ્રીકૃષ્ણ.

મૃદુલાબેન દિલીપભાઈ મજમુદાર, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

સ્વ. ચંપાબેન મોહનલાલ દેવાણી (કેશોદવાળા) મુંબઈના જયશ્રીકૃષ્ણ.
હસ્તે. પ્રવિણભાઈ એમ. દેવાણી

ગો. વા. ડૉ. રેશ્માબેન ડાહ્યાલાલ જીમુલીયા, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

ભાવનાબેન જીતેન્દ્ર શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

પુષ્પાબેન જયંતિલાલ નાનચંદદાસ શાહ, હિંમતનગરના જય જય શ્રીગોકુલેશ.

અપૂર્વ વી. મણિયાર, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. જયાબેન ગિરધરલાલ પંચમતીયા, જામ-ખંભાળીયાના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. હરીશ પ્રભુદાસ કલાપી તથા ગો.વા. જયદીપ હરીશ કલાપી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

અતુલ કે. જસાણી, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

છાયાબેન રોહીતકુમાર શાહ, ભરૂચના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. જગજીવનદાસ હરીદાસ ગણાત્રા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

સુરભીબેન પંકજકુમાર ગાંધી, દાહોદના જયશ્રીકૃષ્ણ.

એક વૈષ્ણવ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.

ચિ.તુલસી, ચિ. જયકુમાર, ચિ.આરતી, ચિ. જયતી, ચિ. દીપમ અને ચિ.અલયના જયશ્રીકૃષ્ણ.

કીર્તનસાગર પરમાનંદદાસજી

૧. ગયે નહિ શોચ, આયે નહિ આનંદ

ઉત્તર ભારતમાં કનોજ નામનું એક મોટું શહેર હતું. ત્યાં એક સુખી અને પવિત્ર બ્રાહ્મણ પરિવાર રહેતો હતો. કનોજિયા બ્રાહ્મણ તરીકે તેઓ ઓળખાતા. તેમને ત્યાં એક પુત્રનો જન્મ થયો. બ્રાહ્મણને ખૂબ આનંદ થયો. પુત્ર જન્મથી કોને આનંદ ન થાય? પણ આ બ્રાહ્મણને ઘણો વધારે આનંદ થયો. કારણકે પુત્રનો જન્મ થયો તે જ દિવસે એક ધનિક યજમાન તરફથી ખૂબ દ્રવ્ય દાનમાં મળ્યું. ધન મળતાં બ્રાહ્મણને થયું કે પુત્રના પગલાં ખૂબ સારાં છે. પુત્ર ઘણો ભાગ્યશાળી થાય એવો આ સંકેત છે. બ્રાહ્મણને પરમ આનંદ થયો તેથી તેણે વિચાર્યું કે પુત્રનું નામ પરમાનંદ રાખીશ.

બાળકની જન્મપત્રિકા બનાવી તો તેમાં પણ એનું નામ 'પરમાનંદ' જ આવ્યું. તેથી બ્રાહ્મણે પ્રસન્નતાથી નામ રાખ્યું પરમાનંદ. બાળકના જાતકર્મ સંસ્કાર કર્યા. ખૂબ દાન કર્યું. પુત્ર મોટો થયો એટલે તેના યજ્ઞોપવિત સંસ્કાર ખૂબ ધામધૂમથી કર્યા.

જેમ જેમ આ પુત્ર મોટો થતો ગયો તેમ તેમ રૂપ, ગુણ અને વિદ્યામાં સારી પ્રગતિ કરતો ગયો. તેનો સ્વભાવ આનંદી હતો. વ્યક્તિત્વ પ્રતિભાશાળી થશે તેવું લાગતું. નાનપણથી જ કાવ્યોની રચના કરવા લાગ્યો. સંગીતવિદ્યામાં નિપુણતા મેળવવા લાગ્યો. મધુર કંઠે ગાતો થયો.

યુવાન થતાં તો સારો સંગીતકાર બન્યો. વાજિંત્રોની સંગત સાથે જાહેરમાં કીર્તન કરતો થયો. પોતાનાં જ રચેલાં ભક્તિપદો ગાય છે. આકર્ષણ જામે છે. અનેક શ્રોતાઓ કીર્તન સાંભળવા એકઠા થાય છે. ખૂબ પ્રસિદ્ધિ મળી. તેનો પ્રભાવ એટલો વધ્યો કે લોકો તેની પાસે કંઠી બંધાવી તેના શિષ્ય થવા લાગ્યા. હવે તે પરમાનંદ સ્વામી તરીકે ઓળખાવા લાગ્યો. સેવકો બહુ ભેટ ધરતા, તેથી ઘરમાં ધન સમૃદ્ધિ વધવા લાગી. માતાપિતા ખૂબ રાજી થયાં. ધન્યતા અનુભવવા લાગ્યાં.

તેમણે પુત્રના લગ્ન કરવાનો વિચાર કર્યો, પણ પુત્ર આનાકાની કરે છે. એટલામાં એવું થયું કે તે પ્રદેશમાં દુકાળ પડ્યો. અન્ન વિના હજારો માણસો મરવા લાગ્યા. ઘાસચારા વગર પશુઓ મરવાં લાગ્યાં. ત્યાંના રાજાએ બીજા રાજ્યમાંથી અનાજ ખરીદવા સુખી લોકોની સંપત્તિ પડાવવા માંડી. એમાં પરમાનંદ સ્વામીનું કુટુંબ પણ ઝડપાઈ ગયું. રાજાના સિપાઈઓ બધી સંપત્તિ લઈ ગયા. માત્ર ખાવા પૂરતું બચ્યું. સંપત્તિનો મોહ રાખનાર આવા સમયે દુઃખી તો થાય જ. માતાપિતા ઘણાં દુઃખી થયાં.

પુત્ર પરમાનંદ તો તેની ભક્તિની ધૂનમાં જ મસ્ત હતો. સાચા ભગવદ્ ભક્તોને તો 'ગયે નહિ શોચ, આયે નહિ આનંદ' – સંપત્તિ આવે તો આનંદ નહિ અને જાય તો દુઃખ નહિ. પરમાનંદ સ્વામીને પિતા કહે છે : 'ભાઈ, ઘણું ખોટું થયું. તારા લગ્ન કેટલી ધામધૂમથી કરવાની અમારી ઈચ્છા હતી. તું હવે ઉંમરલાયક થયો છે. અમારું કહેવું માન્યું હોત તો, અત્યારે તારું લગ્ન થઈ ગયું પણ હોત !'

'પણ પિતાજી, તમે મારાં લગ્નની ચિંતા શા માટે કરો છો? મારે લગ્ન જ કરવાં નથી.' પુત્રે દૃઢતાપૂર્વક કહ્યું.

પિતા સમજાવે છે : 'અરે ભાઈ, એમ તે કંઈ ચાલે? લગ્ન તો કરવાં જ પડેને? દ્રવ્ય ગયું તો બીજું આવશે. તારી આવક પણ ક્યાં ઓછી છે? હવે તું દ્રવ્યનો સંચય કર. સંત-મહાત્માઓને જમાડવામાં અને પુણ્યદાનમાં ઘણું બધું ખર્ચી નાખે છે, તેવું કરીશ નહિ. આપણે વૈરાગી થોડાં છીએ?'

પુત્ર કહે છે : 'પિતાજી, હું તો વૈરાગી જ થવાનો છું. ધન ભેગું કરવાથી શો લાભ? એને તો સન્માર્ગે વાપરતાં જ રહેવું જોઈએ. જુઓને, તમે કેટલું ધન ભેગું કર્યું હતું? બધું ગયું ને ઉપરથી દુઃખ થયું. હવે તો ખાઓ, પીઓ અને ભગવાનનું ભજન કરો. એમાં જ કલ્યાણ છે!'

પણ પુત્રની આ વાત પિતાને ન ગમી. ભક્તોની વાતો સંસારીઓને ગમે તો જગતમાં સૌનો ઉધ્ધાર થઈ જાય. પિતાને તો ધનની લગની લાગી હતી. કમાવા માટે એમણે બીજા શહેરમાં જવાનું નક્કી કર્યું. ઘણું બધું કમાઈ, દ્રવ્ય ભેગું કરી, નાતજાતમાં મોટાઈ મેળવવાનો એમને મોહ હતો.

બીજું વર્ષ સારું આવ્યું. પરમાનંદ સ્વામીના કીર્તન સમાજો થવા લાગ્યા. દિનપ્રતિદિન તેમની નામના વધવા લાગી. આજુબાજુના પ્રદેશોમાં એમની ભક્તિ-સંગીતની કીર્તિ પ્રસરતી ગઈ. કીર્તનસમાજ માટે ગામેગામથી આમંત્રણો આવવા લાગ્યા.

૨. સ્વપ્નમાં શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન

પ્રયાગ શહેરમાં ગંગા-યમુના-સરસ્વતી નદીઓનો ત્રિવેણીસંગમ થાય છે. ત્યાં સ્નાન કરવાનો ખૂબ મહિમા છે. મકરસ્નાન નિમિત્તે હજારો શ્રધ્ધાળુ યાત્રિકો ત્યાં સ્નાન કરવા ભેગા થયા હતા. પરમાનંદ સ્વામી પણ પ્રયાગ આવ્યા હતા. ત્યાં દરરોજ રાત્રે એમનો કીર્તન સમાજ થાય. શ્રોતાઓની ભીડ કીર્તન સાંભળવા જામે. યાત્રાળુ પોતપોતાના ગામ જઈને પરમાનંદસ્વામીનાં કીર્તનોની કીર્તિ ફેલાવે.

પ્રયાગ અને અડેલ નદીના સામસામે કાંઠે આવેલાં છે. શ્રીમહાપ્રભુજી અડેલમાં બિરાજે. તેમના સુધી પરમાનંદસ્વામીની પ્રશંસા પહોંચી. આપશ્રીએ આ ભગવદ્ ભક્તને પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરવાની ઈચ્છા કરી.

સાથે જ એક બીજી વ્યક્તિના મનમાં પણ પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળવાની ઈચ્છા જાગી. એ હતો શ્રીમહાપ્રભુજીનો સેવક, જળધરિયો દેવા કપૂર. ક્ષત્રિય જાતિનો. જળ ભરવાની સેવા કરે.

એ શ્રીમહાપ્રભુજી પાસે અડેલ કેવી રીતે આવ્યો? એક જંગલમાં કોઈ કારણસર નાસતા ફરતા પિતાની સાથે આ પુત્ર હતો. જંગલમાં વાઘે પિતાને મારી નાખ્યો. ચૌદેક વર્ષનો આ પુત્ર જંગલ પાસેના માર્ગ ઉપર ભૂખ્યા તરસ્યો પડી રહેલો. શ્રીમહાપ્રભુજી એ માર્ગે પધાર્યા. ખાવા-પીવાનું આપ્યું. પોતાની સાથે અડેલ લાવ્યા. શ્રીનવનીતપ્રિયજીની જલઘરાની સેવા સોંપી.

પોતાનો આ લોક અને પરલોક બંને સુધારનાર શ્રીવલ્લભનો ઉપકારવશ બનીને એ કપૂર ઘણા જ ખંતથી ને ભાવથી જલની સેવા કરે છે. એ સેવાથી પ્રસન્ન થઈ શ્રીનવનીતપ્રિયજી એને સાનુભાવ જણાવે છે. અલૌકિક દર્શન આપે છે. આ કપૂરના હૃદયમાં પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળવાની તીવ્ર અભિલાષા પ્રકટી, પરંતુ સેવા છોડીને જવાય કેમ? રાત સુધી સેવા ચાલે. શ્રીમહાપ્રભુજીને તો એ કહી શકે નહિ.

પ્રભુ ભક્તમનોરથપૂરક છે. એક દિવસ પ્રયાગ જઈ કીર્તન સાંભળી આવેલા વૈષ્ણવ સાથે વાત કરતાં દેવા કપૂરને આનો ઉપાય મળી ગયો. વૈષ્ણવે એને જણાવ્યું કે, 'આજે એકાદશી હોવાથી રાતભર જાગરણ અને કીર્તન થવાનાં છે.'

રાત્રે સેવા પૂર્ણ કર્યા બાદ દેવા કપૂર કીર્તનમાં જઈ શકે તેમ હતા. રાત્રે દસ વાગે તેઓ ઘેરથી નીકળી નદીકાંઠે આવ્યા. બધા નાવ તો બંધાઈ ગયેલાં હતાં પણ જેમને અદમ્ય ઈચ્છા હોય તેમને માટે શું અશક્ય હોય? તેમને તરતાં આવડતું હતું. નદી તરીને સામે પાર નીકળી ગયા. કીર્તનસમાજમાં આવી પહોંચ્યા. ત્યાં સૌની પાછળ બેઠા. પણ ત્યાં બેઠેલા અડેલના વૈષ્ણવો તેમને ઓળખતા હતા, એટલે બધાએ તેમને આગળ લાવીને બેસાડ્યા.



પરમાનંદદાસજીનાં કીર્તનો નવનીતપ્રિયજી દેવા કપૂરના ખોળામાં બેસી સાંભળે છે.

ખરેખર તો આ પ્રભુની જ પ્રેરણા હતી. શ્રીનવનીતપ્રિયજી એમની સાથે પધાર્યા હતા. એમની ગોદમાં બિરાજી પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળવાના હતો. એટલે એ પાછળ બેસે તે કેમ ચાલે ?

દેવા કપૂરે રાત્રિભર કીર્તન સાંભળ્યાં. એમને ખૂબ આનંદ આવ્યો. પરોઢ થતાં જ એ ઊઠ્યા. સવારની સેવાની ચિંતા હતી. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લીધા વગર જ આવ્યા હતા. નદીકાંઠે આવ્યા. પાછા તરીને સામે કાંઠે અડેલ પહોંચ્યા.

મનમાં પરમાનંદ સ્વામીના કીર્તનોના વખાણ કરતાં કરતાં સ્નાન કરી, અપરસમાં જ આવ્યા અને શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી જલ ભરવાની સેવામાં લાગી ગયા.

સૌ શ્રોતાઓ પણ પોતપોતાના સ્થાને ગયા. રાતભરના શ્રમિત પરમાનંદ સ્વામી થોડા આરામ માટે સૂઈ ગયા. શાસ્ત્રના નિયમ પ્રમાણે જાગરણ પછી સુવાય નહિ. સૂઈ જાય તો જાગરણનું ફળ ન મળે. પરંતુ ભક્તોને આવા નિયમો બાધા કરતા નથી. એમને તો બીજા દિવસે કીર્તન કરવાં હતાં. અખંડ ઉજાગરો કેમ પાલવે? આરામ ન કરે તો ભગવદ્ ગુણગાન બરોબર થાય નહિ. તેમણે તો એકાદશી નિમિત્તે ભગવદ્ ગુણગાન વધારે થાય તે હેતુથી જ જાગરણ કર્યું હતું. તેમને જાગરણનું ફળ જોઈતું ન હતું. તેથી વિચાર કર્યો કે જાગરણનું ફળ જશે પણ દ્વાદશીના રોજ કીર્તન તો થશે. આમ તેઓ જાગરણનો આશ્રય છોડી ભગવદ્ નામનો આશ્રય રાખી સૂઈ ગયા.

ઘડીભર એ સૂતા. ઊંઘ આવી ન આવીને એમને એક મધુર સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં જુએ છે તો પોતે કીર્તન કરી રહ્યા છે. બરોબર સામે બેઠેલા એક વૈષ્ણવના ખોળામાં નાનકડા કૃષ્ણ બિરાજેલા છે. શ્રીઠાકોરજી હસીને કહે છે : 'પરમાનંદ, શ્રીઆચાર્યજીના સેવક જલઘરિયા દેવા કપૂરની ગોદમાં બિરાજી મેં આજે તારાં કીર્તન સાંભળ્યાં છે. હું બહુ પ્રસન્ન થયો છું.

દેવા કપૂર રાત્રે તારાં કીર્તન સાંભળવા અડેલથી પ્રયાગ આવ્યા ત્યારે એમની સાથે હું પણ આવ્યો હતો.'

સ્વપ્નમાં શ્રીઠાકોરજીનાં દર્શન થતાં પરમાનંદ સ્વામી એકદમ જાગી ગયા. શ્રીઠાકોરજીનું કોટિકંદર્પ લાવણ્યભર્યું સ્વરૂપ અને એમની મધુર વાણી એમના હૃદયમાં રમી રહી. સ્વપ્નમાં જે સુંદર સ્વરૂપનાં દર્શન થયાં તેમનાં દર્શન કરવાની તાલાવેલી લાગી.

વિચાર કરે છે કે આટલાં વર્ષોથી કીર્તન કરું છું પણ કોઈ દિવસ શ્રીઠાકોરજીનાં આવાં દર્શન થયાં નથી. આજે દેવાકપૂર જેવા ભગવદીય સાથે પ્રભુ પધાર્યા અને તેમની ગોદમાં બેસી તેમણે મારાં કીર્તન સાંભળ્યાં. એ જલઘરિયાજી કેવા ભાગ્યશાળી કે તેમની ગોદમાં પ્રભુ બિરાજ્યા. હવે મારે એ પ્રભુનાં દર્શન કરવા હશે તો દેવાકપૂરને મળવું પડશે. તેમને મળ્યા વિના મારું કાર્ય સિધ્ધ થશે નહિ.

આમ વિચાર કરી પરમાનંદ સ્વામી અડેલ જવા તૈયાર થયા. બાજુના પેજ ઉપરનું સુંદર ચિત્ર જુઓ. પરમાનંદ સ્વામી શ્રમિત થઈને સૂઈ ગયા છે. શ્રીઠાકોરજી તેમને કહે છે : 'પરમાનંદ, મેં આજે તારાં કીર્તન સાંભળ્યાં. હું બહુ પ્રસન્ન થયો.'

૩. જીયકી સાધ જિયમેં હી રહી રી

પરમાનંદ સ્વામી દેવા કપૂરને મળવા માટે અડેલ જવા તૈયાર થયા. તેમને શ્રધ્ધા હતી કે દેવા કપૂરની કૃપાથી સ્વપ્નમાં જે ઠાકોરજીનાં દર્શન થયાં તેમનાં દર્શન મને જરૂર થશે કારણ પરોઢિયે આવેલાં સ્વપ્નો હંમેશા સાચા પડે છે તેવું તેઓ માનતા.

તેઓ સ્નાન વગેરેથી પરવારી નાવમાં બેસી અડેલ ગયા. પ્રયાગને સામે પાર જ અડેલ હતું. ત્યાં શ્રીયમુનાજીના કિનારે શ્રીમહાપ્રભુજી બિરાજીને



પરમાનંદસ્વામી અડેલમાં શ્રીમહાપ્રભુજી સન્મુખ

સંધ્યાવંદન કરી રહ્યા હતા. દૂરથી પરમાનંદ સ્વામીને સાક્ષાત્ શ્રીકૃષ્ણ રૂપે શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં. આવી અદ્ભુત અને અલૌકિક ઝાંખી થતાં લાગ્યું કે અહીં સાક્ષાત્ શ્રીકૃષ્ણ બિરાજે છે.

એક તો સ્વપ્નમાં થયેલ દર્શનનો આવેશ હતો અને અહીં ફરીવાર અલૌકિક ઝાંખી થઈ. એવા ભાવવિવશ બની ગયા કે કાંઈ બોલી શક્યા નહિ. આપશ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

હવે મનમાં વિચાર કરે છે કે પહેલાં પેલા વૈષ્ણવને મળું, જેની કૃપાથી મારા ઉપર આટલી બધી કૃપા થઈ. જાગરણ અને કીર્તન તો દરેક એકાદશીએ કરતો હતો.

એટલામાં શ્રીમહાપ્રભુજીની વાણી સંભળાઈ, 'પરમાનંદદાસ, તમે આવ્યા? અમને તમારાં કીર્તન સંભળાવો.'

પરમાનંદદાસ તો સાંભળીને ગદ્ ગદ્ થઈ ગયા. શ્રીમહાપ્રભુજીની સામે બેસી ગયા. વિરહનું એક સુંદર પદ ગાયું.

જિયકી સાધ જિયમેં હી રહી રી ।
બહુરિ ગોપાલ દેખન નહિ પાયે, વિલપત કુંજ અહિરી ।।૧।।
એક દિન સાંજ સખી યહ મારગ, બેચન જાત દહીંરી ।
પ્રીતકે લિયે દાન મિસ મોહન, મેરી બાંહ ગહી રી ।।૨।।
બિન દેખે છિન જાત કલ્પ સમ, વિરહાનલ જુ દહી રી ।
પરમાનંદ સ્વામી બિન દેખે, નૈનન નીર બહી રી ।।૩।।

આ પદમાં કવિ વર્ણન કરે છે કે વ્રજની એક ગોપી (આહિરાણી) કુંજમાં બેઠી બેઠી વિરહ કરે છે. તે કહે છે કે ગોપાલ ગયા તે ગયા. ફરી એમનાં દર્શન દુર્લભ બન્યાં. મનની અભિલાષા (જીયકી સાધ) મનમાં જ રહી ગઈ.

પોતાની સખીને ગોપી કહે છે કે એક દિવસ સાંજે આ કુંજ આગળ થઈને હું દહીં વેચવા જઈ રહી હતી. દાનનું મિષ કરીને મનમોહને મારો હાથ પકડ્યો અને પછી આ જ કુંજમાં મને સર્વ સુખનું દાન કર્યું. ત્યારથી મારું મન એમણે એવું હરી લીધું છે કે એમનાં દર્શન વગર એક પળ પણ કલ્પ જેવી જાય છે. એના વિરહનો અગ્નિ મને બાળી રહ્યો છે. આમ કહેતાં એ ગોપીના નયનોમાંથી આંસુ વહી રહ્યાં છે.

પરમાનંદ સ્વામીએ આવાં બીજાં પણ વિરહનાં પદો ગાયાં. એમનો ભાવ જોઈને શ્રીવલ્લભ પ્રસન્ન થયા. વિચારે છે કે લીલામાંથી વિખૂટો પડેલો આ જીવ છે. એનો વિરહ તો આવો જ હોય ને ! આ તો શ્રીઠાકોરજીનો અંતરંગ 'તોક' સખા છે. સાથે સાથે ચંદ્રભાગા સખીનું સ્વરૂપ છે. પ્રભુએ હવે એને પાછો લીલામાં અંગીકાર કરવાનું વિચાર્યું છે. એટલે જ અહીં આવી પહોંચ્યો છે.

વળી વધુ પરીક્ષા કરવા શ્રીવલ્લભ આજ્ઞા કરે છે : 'પરમાનંદદાસ તમે વિરહનું વર્ણન તો સુંદર કર્યું હવે પ્રભુની બાલલીલાનાં પદ ગાઓ.'

'મહારાજ, એ તો હું જાણતો નથી. કેમ કરીને ગાઉં?'

'તો જાઓ. શ્રીયમુનાજીમાં સ્નાન કરીને આવો. પ્રભુ બધું શીખવશે.' શ્રીવલ્લભ આવી આજ્ઞા કરીને પોતાના મંદિર તરફ પધાર્યા. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે પરમાનંદદાસજી સ્નાન કરવા શ્રીયમુનાજી તરફ ગયા.

૪. દેવા કપૂર સાથે મેળાપ

પરમાનંદદાસજી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા થતાં સ્નાન કરવા માટે શ્રીયમુનાજી તરફ જઈ રહ્યા છે. રસ્તામાં તેમને દેવા કપૂર મળી ગયા. તેઓ પણ શ્રીયમુનાજી જળ ભરવા જતા હતા. પરમાનંદદાસે એમને બે હાથ જોડી ભગવદ્ સ્મરણ કર્યા. પોતાને આવેલા સ્વપ્નની વાત કહી.



પરમાનંદસ્વામી અડેલમાં જલઘરિયાને પૂછે છે.

‘દેવા કપૂર, આજે તમારી આડીથી મને શ્રીઠાકોરજીનાં દર્શન થયાં. શ્રીઠાકોરજીએ તમારી ગોદમાં બેસીને મારાં કીર્તન સાંભળ્યાં એમ મને કહ્યું. વળી તમે શ્રીવલ્લભના સેવક છો. મને આજે આપશ્રીના પણ અદ્‌ભુત અલૌકિક, સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં છે. મને થયું કે જેમને માથે શ્રીવલ્લભ જેવા ગુરુ બિરાજતા હોય તેમના ઉપર તો શ્રીઠાકોરજી કૃપા કરે જ. એટલે જ શ્રીનવનીતપ્રિયજીએ તમારી ગોદમાં બેસી મારાં કીર્તન સાંભળ્યાં.’

દેવા કપૂર તો આશ્ચર્યથી બધી વાત સાંભળી રહ્યા. તેમને થયું કે પરમાનંદદાસજી ઉપર શ્રીવલ્લભની કૃપા થઈ છે. તેથી જ તેમને સાક્ષાત્ કૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યાં છે.

પરમાનંદદાસજી કહે છે : ‘કપૂરજી, તમે મારાં કીર્તન સાંભળવા આવ્યા તે મારા ઉપર બહુ મોટી કૃપા કરી. તમારા દ્વારા શ્રીઠાકોરજી પ્રસન્ન થયા. હવે હું તમારાં દર્શને આવ્યો છું. શ્રીઆચાર્યજી કૃપા કરીને મને શરણે લે તેવો ઉપાય બતાવો. વળી શ્રીઠાકોરજી પણ કૃપા કરી મને નિત્ય દર્શન આપે તેવો પણ ઉપાય બતાવો. તમારા સત્સંગના પ્રતાપે આજે મને શ્રીઠાકોરજીએ અને શ્રીવલ્લભે દર્શન આપ્યાં છે. શ્રીવલ્લભે મને સ્નાન કરીને આવવાની આજ્ઞા કરી છે.’

દેવા કપૂર પરમાનંદદાસજીની આતુરતા અને વિરહ જોઈ રાજી થયા. કહે છે : ‘પરમાનંદદાસજી, તમારા ઉપર શ્રીઆચાર્યજીની કૃપા થઈ છે. તેથી જ તમને આવાં દર્શન થયાં છે. તમને શરણે લેવા માટે જ સ્નાન કરીને આવવાની આજ્ઞા કરી છે. માટે તમે જલ્દી સ્નાન કરી, અપરસમાં જ મંદિરે આવો. શ્રીઆચાર્યજી તમને કૃપા કરી જરૂર શરણે લેશે. તમારો બધો મનોરથ સિદ્ધ થશે. પણ જુઓ, ગઈકાલે રાત્રે જાગરણનાં કીર્તનમાં હું તમારી પાસે આવ્યો હતો તે વાત તમે આપશ્રીને બિલકુલ ન કરતા. તેઓ મારા ઉપર ખીજાશે. કહેશે કે સેવા છોડીને કેમ ગયો હતો? તમે આપશ્રીની



બ્રહ્મસંબંધ લે છે.

આજ્ઞા પ્રમાણે સ્નાન કરીને આવી જાઓ. હું જલની ગાગર ભરીને હમણાં જ પાછો જાઉં છું.' દેવા કપૂરે પરમાનંદદાસજીને અપરસ કરવાની રીત બતાવી દીધી.

દેવા કપૂર સાથે વાત થતાં પરમાનંદદાસજીને બહુ આનંદ થયો. ઝટપટ સ્નાન કરવા ચાલ્યા. દેવા કપૂર જળ ભરીને ગયા. પાછળ તરત પરમાનંદદાસજી પણ સ્નાન કરીને અપરસમાં જ શ્રીઆચાર્યજી પાસે મંદિરમાં આવી ગયા.

પ. બ્રહ્મસંબંધ દીક્ષાનું દાન

પરમાનંદદાસજી અપરસ કરી મંદિરમાં આવ્યા તે જ સમયે શ્રીમહાપ્રભુજી શ્રી નવનીતપ્રિયજીને શૃંગાર કરી, ગોપીવલ્લભ ભોગ ધરીને બહાર પધાર્યા.

'આવો પરમાનંદદાસ, અહીં મંદિરના દ્વાર પાસે બેસો.' શ્રીઆચાર્યજીએ તેમને આજ્ઞા કરી. પરમાનંદદાસજી બેઠા. શ્રીમહાપ્રભુજી થોડીવારમાં અંદર પધાર્યા. ભોગ સરાવી તેમને શ્રીનવનીતપ્રિયજીના સાન્નિધ્યમાં મંદિરમાં બોલાવ્યા. નામમંત્ર સંભળાવી, ત્યારબાદ બ્રહ્મસંબંધની દીક્ષા આપી. પરમાનંદદાસજીના આનંદનો પાર નથી. જે શ્રીનવનીતપ્રિયજીએ તેમને કહ્યું હતું કે આજે મેં તારાં કીર્તન સાંભળ્યાં. એમનાં સાક્ષાત્ દર્શન થઈ રહ્યાં છે. શ્રીવલ્લભના સેવક થવાનો લાભ મળ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી તેમને શ્રીભાગવત દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી. આ સાંભળતાં જ તેમને નંદરાયજીના ઘરની પ્રભુની બાળલીલાઓનો હૃદયમાં અનુભવ થવા લાગ્યો. શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપનો સાક્ષાત્કાર થયો. શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની બધી લીલાઓ હૃદયમાં સ્ફૂરવા લાગી.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'પરમાનંદદાસ, હવે પ્રભુની બાળલીલા ગાઓ.' પહેલાં પરમાનંદદાસે વિરહનાં પદ ગાયાં હતાં પણ હવે પ્રભુના સંયોગરસનો અનુભવ થયો છે એટલે એમણે પ્રભુનાં દર્શન કરીને ગાયું.

માઈરી, કમલનયન શ્યામસુંદર ઝુલત હૈ પલના ।
બાલલીલા ગાવત સબ ગોકુલકી લલના ॥

પરમાનંદદાસજીને પલને ઝુલતા બાલકૃષ્ણનાં દર્શન થયાં. તેમણે બીજું પદ ગાયું.

જશોદા તેરે ભાગ્યકી કહી ન જાઈ ।
જો મૂરતિ બ્રહ્માદિક દુર્લભ સો પ્રગટે હૈ આઈ ॥૧॥
શિવ નારદ સનકાદિક મહામુનિ, મિલિકે કરત ઉપાઈ ।
તે નંદલાલ ધૂરિધૂસર વપુ, રહત કંઠ લપટાઈ ॥૨॥
રતન જડિત પોઢાય પાલને, વદન દેખિ મુસિકાઈ ।
ઝૂલો મેરે લાલ જાઉં બલિહારી, પરમાનંદ બલિ જાઈ ॥૩॥

પરમાનંદદાસજી આ પદમાં કહે છે કે હે જશોદા, તારા ભાગ્યનો પાર નથી. બ્રહ્માજી જેવાને જેમનાં દર્શન દુર્લભ છે, એવા શિવજી નારદજી અને સનકાદિક મહામુનિઓ જેમને મળવા માટે પ્રયત્ન કરી રહ્યા છે એવા, પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ તારે ઘેર પુત્ર થઈને પ્રકટ્યા છે. વ્રજરજથી લપટાયેલ અંગોવાળા એ લાલ તારે કંઠે લપટાય છે. મૈયા, તારું અહોભાગ્ય છે!

મૈયા પોતાના લાલને રત્નજડિત પારણે પોઢાડી, તેમનું વદનકમળ જોઈ મુસિકાઈને કહે છે : 'મારા લાલ, ઝૂલો, હું તમારાં ઓવારણાં લઉં છું.' પરમાનંદદાસજી આ લીલાનાં દર્શન કરીને ગાય છે : 'પરમાનંદ બલિ જાઈ.' કવિ આવાં ભાગ્યશાળી માતા યશોદાનાં ઓવારણાં લે છે.

શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્નતાથી બાલલીલાનાં આ કીર્તનો સાંભળી રહ્યા છે. પરમાનંદદાસજીએ ત્રીજું પદ ગાયું.

મનિમય આંગન નંદજુકે ખેલત દોઉ ભૈયા ।
ગૌર શ્યામ જોરી બની, બલ કુંવર કનૈયા ॥૧॥

શ્રીકૃષ્ણ અને બળદેવજી. એક શ્યામ અને બીજા ગૌર. બંને નંદરાયજીના મણિજટિત આંગણામાં ખેલી રહ્યા છે. બંનેના નૂપુર, કંકણ, કંદોરો વગેરે ઝણકે છે. તેમનું રૂપ જોઈ ગોપી મુગ્ધ થઈ જાય છે. કામદેવ પણ લજ્જિત થાય એવું આ રૂપ છે. તો પછી ગોપી તો કેમ મોહિત ન થાય?

નૂપુર કંકન કિંકની રુનઝુન બાજે ।
મોહિ રહી બ્રજસુંદરી મનસિજ સુનિ લાજે ॥૨॥

બંને ભાઈઓની હિતકારિણી મૈયા જશોદાજી અને રોહિણીજી એમની સાથે જ છે. બંનેને નાના બાળક જાણી મૈયા ચુટકી દઈ દઈને (ચપટી વગાડી વગાડીને) નચાવે છે. બંને લાલ નાચે છે. બલરામ અને કૃષ્ણે ધારણ કરેલાં નીલ અને પીત વસ્ત્રો પરમાનંદદાસજીને ગમી જાય છે અને પ્રભુની આ બાલલીલાનાં કીર્તન તેઓ આનંદથી ગાય છે.

સંગ જસુમતિ રોહિણી હિતકારિની મૈયા ।
ચુટકી દે દે નચાવહી, સુત જાની નન્હૈયા ॥૩॥
નીલપીત પટ ઓઢની, દેખત મોહિ ભાવે ।
બાલ વિનોદ પ્રમોદ સોં, પરમાનંદ ગાવે ॥૪॥

આમ પરમાનંદદાસજીએ ઘણાં પદ ગાયાં. શ્રીમહાપ્રભુજીએ તેમના હૃદયમાં ભાગવતજી રૂપી સમુદ્રનું સ્થાપન કર્યું. તેથી નિત્ય શ્રીપ્રભુની લીલાનાં કીર્તન ગાતા રહ્યા. અડેલમાં શ્રીમહાપ્રભુજીની પાસે જ રહી ગયા.

શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી કે હવે સમય સમયનાં પદ નિત્ય શ્રીનવનીતપ્રિયજીને સંભળાવ્યા કરો. આ સેવા તમને આપી. તેથી પરમાનંદદાસ નિત્ય નવાં પદ રચીને સમય સમયનાં શ્રીનવનીતપ્રિયજી સમક્ષ ગાતા અને જ્યારે અનોસર થાય ત્યારે શ્રીમહાપ્રભુજી સમક્ષ

વ્રજલીલાનાં પદ રચીને ગાતા. દરરોજ શ્રીવલ્લભના શ્રીમુખથી સુબોધિનીજીની કથા સાંભળતા અને જે પ્રસંગની કથા સાંભળી હોય તેનું કીર્તન રચી આપશ્રીને સંભળાવતા. આમ પરમાનંદદાસજીએ અસંખ્ય પદોની રચના કરી અને 'કીર્તનસાગર' કહેવાયા.

૬. હરિ તેરી લીલાકી સુધિ આવત

પરમાનંદદાસજી રોજ નવાં નવાં કીર્તન રચીને શ્રીમહાપ્રભુજી સન્મુખ ગાય છે. એક દિવસ શ્રીમહાપ્રભુજીએ કોઈ પદ ગાવાની આજ્ઞા કરી ત્યારે એમણે એક પદ ગાયું, જેમાં એમણે પોતાના મનની અભિલાષા જણાવી.

યહ માગૌં શ્રીગોપીજન વલ્લભ ।
માનુષ જન્મ ઔર હરિ સેવા વ્રજ વસવો દીજે મોહિ સુલભ ॥૧॥
વલ્લભકુલકો હોઉં ચેરો, વૈષ્ણવ જનકો દાસ કહાઉં ।
શ્રીયમુનાજલ નિત્ય પ્રતિ નહાઉં, મનક્રમબચન કૃષ્ણ ગુન ગાઉં ॥૨॥
શ્રીમદ્ ભાગવત શ્રવન સુનોં નિત્ય, ઈનતજી ચિત્ત કહૂં અનત ન લાઉં ।
પરમાનંદદાસ યહ માગત, નિત નિરખોં કબહૂ ન અઘાઉં ॥૩॥

આ પદમાં પરમાનંદદાસજીએ કહ્યું કે હે શ્રીગોપીજનવલ્લભ પ્રભુ, હું આપની પાસે આટલું માગું છું. મને ફરી જન્મ આપવો હોય તો ભલે પણ એવો મનુષ્ય જન્મ આપજો કે મારાથી એ જન્મમાં શ્રીઠાકોરજીની સેવા બની આવે અને સરળતાથી વ્રજવાસ પણ કરી શકું.

વળી શ્રીવલ્લભકુળનો સેવક બનું, ભગવદીયજનોનો દાસ બની રહું, વ્રજમાં વસું અને નિત્ય શ્રીયમુનાજલમાં સ્નાન કરું. મન, વચન, કર્મથી શ્રીકૃષ્ણનાં ગુણ ગાઉં. નિત્ય શ્રીભાગવતજીની કથાનું શ્રવણ કરું. એના સિવાય મારું ચિત્ત બીજે ક્યાંય ન જાય. નિત્ય આપને અને શ્રીઠાકોરજીને નિરખું. નિરખતાં કદી ન ધરાઉં એવું પ્રભુ મને આપજો.



હરિ તેરી લીલાકી સુધિ આવે.

આમ પરમાનંદદાસજીએ એક સાચા પુષ્ટિભક્ત તરીકે મુક્તિ નહિ પણ જન્મોજન્મ પોતે શું ઈચ્છે છે તે આ પદમાં જણાવ્યું. પદ સાંભળીને શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા. આપશ્રીને લાગ્યું કે પરમાનંદદાસને વ્રજ બહુ પ્રિય છે. વ્રજમાં વસવાની ઈચ્છા છે. આપે આજ્ઞા કરી કે, 'પરમાનંદદાસ, હવે આપણે થોડા સમયમાં વ્રજમાં જઈશું, તમારી વ્રજવાસની ઈચ્છા જરૂર પૂર્ણ થશે.' શ્રીદામોદરદાસ હરસાનીજી, કૃષ્ણદાસ મેઘન વગેરે ભગવદીયોને સાથે લઈ આપશ્રી વ્રજ તરફ પધાર્યા.

વચમાં કનોજ આવ્યું. પરમાનંદદાસે ઘણી વિનંતી કરી શ્રીમહાપ્રભુજીને અને સાથેના બધા ભગવદીયોને ખૂબ પ્રેમથી પોતાને ઘેર પધરાવ્યા. તેમના ઉત્સાહનો પાર નથી. ખડે પગે સેવામાં રહે છે. બધું સીધું સામાન લાવી દીધું. શ્રીમહાપ્રભુજીએ સખડી-અનસખડીની સામગ્રી સિધ્ધ કરી પ્રભુનો ભોગ ધરી, ભોજન કર્યું. બીજા સર્વ ભગવદીયોએ પણ સામગ્રી સિદ્ધ કરી, મહાપ્રસાદ લીધો.

ભોજન કર્યા પછી આપશ્રી બેઠકમાં પધારી ગાદી ઉપર બિરાજ્યા. વૈષ્ણવો સહિત પરમાનંદદાસ હાથ જોડીને સામે બેઠા. આપશ્રીએ તેમને કંઈક ભગવદ્ યશ ગાવાની આજ્ઞા કરી. પરમાનંદદાસજી વિચારે છે કે આ સમયે શ્રીઆચાર્યજીનું મન વ્રજમાં શ્રીગોવર્ધનનાથજીની પાસે છે. તેથી વિરહનું પદ ગાઉં. તેમણે આ પદ ગાયું.

હરિ તેરી લીલાકી સુધિ આવત ।
કમલનયન મોહન મૂરતિકો મન મન ચિત્ર બનાવત ।।૧।।
એકબાર જાહિ મિલત મયા કરી, સો કૈસે બિસરાવત ।
મૃદુ મુસિકાની બંક અવલોકન, ચાલ મનોહર ભાવત ।।૨।।
કબહુંક નિબિડ તિમિર આલિંગત, કબહુંક પિક-સ્વર ગાવત ।
કબહુંક સંભ્રમ કવાસિ કવાસિ કરી, સંગ હીન ઊઠી ધાવત ।।૩।।
કબહુંક નયન મૂંદિ અંતર ગતિ, વનમાલા પહિરાવત ।
પરમાનંદ પ્રભુ શ્યામ ધ્યાન ધરિ, ઐસે વિરહ ગવાવત ।।૪।।

આ પદમાં પરમાનંદદાસજી શ્રીરાધિકાજી જે કહી રહ્યાં છે અને કરી રહ્યાં છે તેનું વર્ણન કરે છે.

કમલનયની રાધિકાજી પ્રિયતમના વિયોગમાં મનમનથી કહે છે કે હરિ, મને તમારી લીલા યાદ આવી રહી છે. આમ કહેતાં મનમોહનનું મોહક સ્વરૂપ એમના મનની સામે તરી આવે છે.

વળી કહે છે કે પ્રભુ, તમે એક વખત કૃપા કરીને જેને મળો છો, તે તમને કદીયે વિસરી શકે તેમ નથી. તમારું મંદ હાસ્ય, કટાક્ષયુક્ત દૃષ્ટિ અને મનોહર ચાલ સૌ કોઈને ગમી જાય છે. પછી મારી તો વાત જ શી?

આમ કહેતાં કહેતાં રાધિકાજી પ્રિયતમ કૃષ્ણના ચિન્તનમાં એવાં તન્મય થઈ જાય છે કે જાણે નિકુંજના ગાઢ અંધકારમાં પ્રિયતમ સામે આવીને ઊભા છે, એવું તેમને લાગે છે. એટલે એમને બાથ ભીડવા જાય છે, પણ શ્યામસુંદર શ્રીકૃષ્ણને બદલે શ્યામ અંધકાર જ બાથમાં આવે છે. પછી આ બાબતનું ભાન થતાં કોકિલ કંઠે કિલકાર કરે છે.

વળી પાછો ભ્રમ થાય છે એટલે 'હે પ્યારે, તમે ક્યાં છો, ક્યાં છો?' એમ પોકારતાં ઉઠી ઉઠીને એકલાં દોડે છે. આવો પ્રેમોન્માદ વ્યાપી રહ્યો છે.

વિરહદુર્બળ રાધા આમ કરતાં થાકે છે ત્યારે નેત્રો મીંચીને બેસે છે. ચિત્ત ઊંડું ઉતરી જાય છે. મનની કલ્પનાથી જાણે પ્રિયતમ સામે જ દેખાય છે. મનના હસ્ત વડે એમને વનમાળા પહેરાવે છે.

શ્રીઠાકોરજીના વિયોગનો સમય એમના ધ્યાનમાં લીન બનીને શ્રીસ્વામિનીજી આ રીતે ગાળી રહ્યાં છે.

પરમાનંદદાસજીએ સોરઠ રાગમાં ગદ્ ગદ્ કંઠે આ પદ ગાયું. શ્રવણ કરતાં કરતાં શ્રીમહાપ્રભુજીના ચિત્તમાં શ્રીસ્વામિનીજીની વિરહાવસ્થાનું એવું તો તાદૃશ ચિત્ત ખડું થયું કે પોતે સુધબુધ ગુમાવી દીધી. મૂર્છાવશ બની ગયા. શ્રીરાધાની જેમ શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીવલ્લભ પણ

વિરહાવસ્થામાં લીન બની ગયા. એટલે સુધી કે ત્રણ દિવસ અને રાત આપશ્રી તકિયા ઉપર મસ્તક ઢાળીને એમજ બિરાજી રહ્યા. આપશ્રીનાં મીંચેલાં નયનો અને વિરહભર્યો હાવભાવ નિહાળતાં બધા ભગવદીયો સામે જ બેસી રહ્યા. સૌનું ખાનપાન, નિદ્રા આદિ બધું જ છૂટી ગયું. દામોદરદાસજી વગેરે સેવકો આપશ્રીના સ્વામિની સ્વરૂપને જાણતા હતા. તેઓ કાંઈ બોલ્યા નહિ. ચૂપચાપ શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યા કરે છે. સૌ ચિંતાતુર તો છે જ. હવે શું થશે, શું થશે? પોતાના ઘરમાં, પોતાના સર્વસ્વ એવા ગુરુદેવની, પોતે ગાયેલા પદની અસર નીચે આવી અવસ્થા થાય ત્યારે પરમાનંદદાસજીની મનોવ્યથાનું તો પૂછવાનું જ શું? સર્વે ભગવદીયો આપના સ્વરૂપને જાણતા હોવાથી આપ લીલારસમગ્ન છે એની તેમને પ્રતીતિ હતી છતાં તેમને ચિંતા એ વાતની હતી કે લીલારસમાં તન્મય બનેલા શ્રીવલ્લભ ભૂતલ પરની લીલા સમેટી લે તો? તો ગજબ થઈ જાય. દૈવી જીવોના સમુદ્ધારનું મહાન કાર્ય અટકી જાય.

પરમાનંદદાસ વિચારે છે કે જો એમાં મારી ભૂલ નિમિત્ત બની તો હું શું મોં લઈને જીવીશ? મને શું સૂઝ્યું કે મેં આવું પદ ગાયું. હવે હું કદી પણ આપશ્રીની સન્મુખ વિરહનાં પદ નહિ ગાઉં.

સર્વે ભગવદીયો આપશ્રીને મનમનથી વિનંતી કરી રહ્યા છે કે આપ મૂર્છિત અવસ્થામાંથી બહાર પધારે. ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી આપશ્રીના ચિત્તમાં વિવિધ લીલાઓનું અવગાહન થયું. શ્રીગિરિરાજજીની, વ્રજ વૃંદાવનની અને યમુનાતટ ઉપર કરેલી જલ-સ્થલ વિહાર લીલા.

ત્રણ દિવસ પછી આપની મૂર્છા વળી. ભૂતલ ઉપરનું કાર્ય બાકી હોવાથી આપ લીલાનું સુખ છોડી સાવધાન થયા. વૈષ્ણવોના આનંદનો પાર ન રહ્યો.

પરમાનંદદાસજીના પ્રેમભર્યા આગ્રહથી આપશ્રી ત્યાં થોડા દિવસ બિરાજ્યા. પરમાનંદદાસજીએ પોતાના અગાઉના સેવકોને બોલાવી તેમને શ્રીમહાપ્રભુજીના સેવક કરાવ્યા. વિનંતી કરી કે 'કૃપાનાથ, અજ્ઞાન અવસ્થામાં મારાથી સ્વામીપણું થયું છે. સ્વામી તો આપ જ છો. આપના શરણે આવવાથી જ આ જીવોનું સાચું હિત થશે. મારી ભૂલનું પ્રાયશ્ચિત પણ થશે. હું તો દાસ છું. મારે વળી સેવકો કેવા?'

પરમાનંદદાસજીની દીનતા જોઈ આપશ્રી પ્રસન્ન થયા. ત્યાંથી થોડા દિવસોમાં પરમાનંદદાસ અને બીજા બધા ભગવદીયો સાથે આપ વ્રજમાં પધાર્યા.

૭. ગોકુળમાં આગમન

કનોજથી નીકળ્યા પછી થોડા દિવસોમાં આપશ્રી બધા ભગવદીયો સાથે ગોકુળ આવી પહોંચ્યા. ત્યાં ગોવિંદઘાટ ઉપર શ્રીયમુનાજીમાં સ્નાન કરી, શમી વૃક્ષની નીચે પોતાની બેઠકમાં બિરાજ્યા. પરમાનંદદાસજી વગેરે વૈષ્ણવો પણ સ્નાન કરી, આપશ્રીની સન્મુખ આવીને બેઠા.

શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને શ્રીયમુનાજીનું મહાત્મ્ય અને સ્વરૂપ સમજાવ્યું. પરમાનંદદાસજીને શ્રીયમુનાષ્ટકનો પાઠ શીખવ્યો. ત્યારે પરમાનંદદાસના હૃદયમાં શ્રીયમુનાજીનું સ્વરૂપ સ્ફુર્યું. તેમણે શ્રીયમુનાજીના યશનું વર્ણન કરતાં પદ ગાયાં. એક પદ જોઈએ.

શ્રીયમુનાજી યહ પ્રસાદ હોં પાઉં ।
તિહારે નિકટ રહોં નિસબાસર, રામકૃષ્ણ ગુન ગાઉં ।।૧।।
મજજન કરોં વિમલ જલ પાવન, ચિંતા કલહ બહાઉં ।
તિહારી કૃપાતેં ભાનુકી તનયા, હરિપદ પ્રીતિ બઢાઉં ।।૨।।
વિનતી કરોં યહી વર માગોં, અધમન સંગ બિસરાઉં ।
પરમાનંદ પ્રભુ સકલ ફલ દાતા, મદનગોપાલ લડાઉં ।।૩।।



શ્રીગુસાંઈજી શ્રીયમુનાષ્ટક હૃદયારૂઢ કરાવે છે.

આ પદમાં પરમાનંદદાસજીએ શ્રીયમુનાજીની કૃપા માગી છે. કહે છે કે હે શ્રીયમુનાજી, આપ આટલી કૃપા મારા ઉપર કરો. હું રાતદિવસ આપના તટ ઉપર, આપની સન્મુખ રહું અને કૃષ્ણ-બલરામના ગુણ ગાઉં. આપના પવિત્ર વિમલ જલમાં સ્નાન કરું અને શ્રીહરિના ચરણકમલમાં મારી પ્રીતિ વધારું. હું આપને એટલી જ વિનંતી કરું છું કે મને ભગવદ્ ભક્તોનો સંગ થાય. એમની કૃપાથી હું મદનગોપાલલાલ, જે સકલ ફલદાતા છે, તેમની ખૂબ લાડ લડાવીને સેવા કરું.

આ પ્રમાણે શ્રીયમુનાજીનાં ગુણગાન ગાતાં પદો પરમાનંદદાસજીએ ઘણાં ગાયાં. શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીયમુનાજીના તટ ઉપર બેસીને શ્રીયમુનાજીનાં યશ ગાતાં એમા હૃદયમાં યમુનાતટ ઉપરની પનઘટલીલા સ્ફુરિત થઈ. એ લીલાનું વર્ણન કરતું સુંદર પદ તેમણે ગાયું.

યમુનાજલ ઘટ ભર ચલી ચંદ્રાવલી નારી ।
મારગમેં ખેલત મિલે શ્રી ઘનશ્યામ મુરારિ ।।૧।।
નયનનસોં નયના મિલે, મન રહ્યો લુભાઈ ।
મોહન મૂરતિ મન બસી, પગ ધર્યો ન જાઈ ।।૨।।
મનકી પ્રીતિ પ્રગટ ભઈ યહ પહેલી ભેટ ।
પરમાનંદ ઐસી મિલી, જૈસે ગુડમેં ચેટ ।।૩।।

ચંદ્રાવલીજી યમુનાજીના તટ ઉપર જળ ભરવા આવ્યાં છે. જળ ભરીને ઘેર જતાં રસ્તામાં શ્રીઘનશ્યામ મુરારિ મળી ગયા, કારણ એ ત્યાં જ ખેલતા હતા.

બંનેના નેત્રો પરસ્પર મળ્યાં. ચંદ્રાવલીજીનું મન શ્રીઠાકોરજીનાં સ્વરૂપનાં દર્શનમાં એવું લોભાઈ ગયું કે માથે જળ ભરેલી ગાગર હોવા છતાં ત્યાંથી એક ડગલું ય આગળ ભરી શકતાં નથી. દર્શન થતાંની સાથે પ્રિયતમ એમના મનમાં વસી ગયા.

આમેય એમને શ્રીકૃષ્ણમાં પ્રીતિ તો હતી જ, પણ આવું એકાંત મિલન પહેલી વાર થયું. મનની પ્રીત બહાર જણાઈ. પ્રથમ મિલનનો રસાસ્વાદ તો અદ્‌ભુત જ હોય ને! નંદનંદન તેમની નજરમાં એવા વસી ગયા છે કે જેમ ગોળ ઉપર કીડી ચોંટી જાય તેમ ત્યાંથી એ નજર ખસતી જ નથી !

પનઘટલીલાનું વર્ણન કરતાં આવાં ઘણાં પદ પરમાનંદદાસજીએ ગાયાં. શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા.

૮. શ્રીગોવર્ધનનાથજી કીર્તન સેવા મળી

થોડા દિવસ ગોકુળમાં રહીને શ્રીમહાપ્રભુજી પરમાનંદદાસ અને બધા વૈષ્ણવોને લઈને ગોવર્ધન પધાર્યા. ઉત્થાપનના સમયે સ્નાન કરીને શ્રી ગિરિરાજજી ઉપર શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં પધાર્યા. પરમાનંદદાસજી પણ નહાઈને શ્રીગિરિરાજજીને સાષ્ટાંગ દંડવત્ કરીને, પર્વત ઉપર મંદિરમાં આવ્યા. શ્રીનાથજીબાવાનાં ઉત્થાપનનાં દર્શન કર્યાં. કરતાં જ તેમનું મન શ્રીગોવર્ધનનાથજીમાં આસક્ત થઈ ગયું.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'પરમાનંદદાસ, કંઈ ભગવદ્ લીલાનાં કીર્તન શ્રીગોવર્ધનનાથજીને સંભળાવો.'

પરમાનંદદાસજી વિચાર કરે છે : 'શ્રીઠાકોરજીની લીલાઓ અપાર છે. રસના (જીભ) તો એક જ છે. એક રસનાથી શ્રીપ્રભુની લીલાનું શું વર્ણન કરું? છતાં એક પછી એક એમ કંઈક લીલા ગાઉં તો ખરો જ, કારણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા કીર્તન ગાવાની થઈ છે.' આમ વિચાર કરીને તેમણે ગાયું.

મોહન નંદરાયકુમાર ।
પ્રગટ બ્રહ્મ નિકુંજનાયક ભક્ત હિત અવતાર ।।૧।।



રામદાસજી પરમાનંદદાસજીને પ્રસાદી દૂધ આપે છે.

પ્રથમ ચરન સરોજ વંદો, શ્યામઘન ગોપાલ ।
મકર કુંડલ ગંડ મંડિત ચારૂ નૈન વિશાલ ॥૨॥
બલરામ સહિત વિનોદ લીલા, શેષ શંકર હેત ।
દાસ પરમાનંદ પ્રભુ હરિ નિગમ બોલત નેત ॥૩॥

આ પદમાં પરમાનંદદાસજીએ સૌ પ્રથમ નિકુંજનાયક, પરબ્રહ્મના અવતારનું કારણ બતાવ્યું. પ્રભુ ભક્તના હિત માટે અવતાર ધારણ કરી પૃથ્વી ઉપર પધાર્યા છે. પછી પ્રભુના ચરણકમલમાં વંદના કરી તેમના સ્વરૂપનું વર્ણન કર્યું. ત્યાર પછી તેમનું માહાત્મ્ય બતાવ્યું.

દર્શન કરતાં જ પરમાનંદદાસજીને શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં આસક્તિ થઈ ગયેલી, તેથી ત્યાર પછી આસક્તિનાં કીર્તન ગાયાં. શ્રીમહાપ્રભુજીએ શ્રીજીબાવાની શયન આરતી કરી, પછી તેમણે પોઢવાનાં પદ ગાયાં. તે સાંભળીને શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા.

શ્રીમહાપ્રભુજી શ્રીગોવર્ધનનાથજીને પોઢાવીને, ભોજન કરીને, પર્વત ઉપરથી નીચે પધાર્યા. ભીતરીયાને બોલાવીને કહ્યું : 'રામદાસ, પરમાનંદદાસને શ્રીજીનું પ્રસાદી દૂધ આપો.' દૂધ થોડું ગરમ હતું. ઠંડું કરીને પરમાનંદદાસે લીધું. પછી બેઠકમાં શ્રીમહાપ્રભુજી પાસે આવીને દંડવત્ કરીને બેઠા.

'પરમાનંદદાસ, પ્રસાદી દૂધ લીધું? કેવું હતું?' આપશ્રીએ પૂછ્યું.

'મહારાજ, દૂધ ગરમ હતું. ઠંડુ કરીને લીધું.'

શ્રીમહાપ્રભુજીએ બધા ભીતરીયાઓને બોલાવ્યા. પૂછ્યું : 'શ્રીઠાકોરજીને આટલું ગરમ દૂધ કેમ ધરો છો? દૂધ હંમેશા સુહાતું થાય ત્યારે ભોગ ધરવો.'

'મહારાજ, હવેથી એમ કરીશું.' ભીતરીયાઓએ ખાત્રી આપી.

શ્રીઠાકોરજીને દૂધ બહુ પ્રિય છે. દૂધ ધરીએ કે તરત આરોગે છે. ગરમ હોય તો પ્રભુને શ્રમ થાય તેથી દૂધ ઠંડુ કરીને ધરવાની આજ્ઞા કરી. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને પરમાનંદદાસજીને પ્રસાદી દૂધ અપાવ્યું હતું. આ દૂધ લઈને તેઓ સૂઈ ગયા. આખી રાત્રિ તેમને પ્રભુના લીલારસનો અનુભવ થયો. લીલામાં મગ્ન થઈને તેમણે ઘણાં કીર્તન ગાયાં. જોઈએ એક સુંદર કીર્તન.

આનંદસિંધુ બઢ્યો હરિ તનમેં ।
શ્રીરાધામુખ પૂરન શશિ નિરખત, ઉમગિ ચલ્યો વ્રજ વૃંદાવનમેં ॥૧॥
ઉત રોક્યો યમુના ઉત ગોપીન, કછુ એક ફૈલ પર્યો ત્રિભુવનમેં ।
ના પરસ્યો કર્મઠ અરુ જ્ઞાનિન, અટકિ રહ્યો રસિકનકે મનમેં ॥૨॥
મંદ મંદ અવગાહત બુદ્ધિ બલ, ભક્ત હેત લીલા છીનછીનમેં ।
કછુક લહ્યો નંદસુવન કૃપાતેં, સો દેખિયત પરમાનંદ જનમેં ॥૩॥

પરમાનંદદાસજીની આ એક અતિ ઉત્તમ રચના છે. તેઓ કહે છે કે આજે શ્રીરાધાજીના મુખરૂપી પૂર્ણચંદ્રને જોતાં જ શ્રીહરિના અંગઅંગમાં આનંદ સાગર હિલોળે ચડ્યો છે. ભગવાન આનંદ સ્વરૂપ છે. આનંદના સાગર છે. પણ એ સાગરમાં ભરતી શાનાથી આવે છે? રાધાવદન રૂપી ચંદ્રના આકર્ષણથી.

લૌકિક સમુદ્રમાં પણ ભરતી ચંદ્રના આકર્ષણથી ચડે છે ને? ભરતી આવે, પાણી ઊંચા ઉછળે, કિનારા ભીંજવી દે. તેમ હરિના ઉરના આનંદનો પ્રવાહ વ્રજ વૃંદાવનમાં પ્રસરી ગયો.

એક બાજુથી શ્રીયમુનાજીએ એ પ્રવાહને આગળ વહી જતો રોક્યો અને પોતાનામાં સમાવી લીધો. બીજી બાજુ ગોપીઓએ એમ જ કર્યું. છતાં યે એ પ્રવાહ એટલો બધો પ્રબલ હતો કે ત્રણે લોકમાં થોડો થોડો તો પ્રસર્યો જ. (જગતમાં જે સુખ કે આનંદ દેખાય છે તે ભલે આભાસ માત્ર હોય, પરંતુ તેનું મૂળ તો આનંદઘન પ્રભુમાં જ છે ને!)

કર્મજડ લોકો અને જ્ઞાન માર્ગીઓને તો એનો સ્પર્શ પણ થયો નહિ, કેમકે એમનામાં સહૃદયતા હતી નહિ. હરિરસને ઝીલવા માટે રસિક હૃદય જોઈએ. ભક્તિમાર્ગીય જીવો-રસિક ભક્તોના અંતરમાં તો એ ભગવદ્ લીલારસ ઓતપ્રોત થઈ ગયો. ભક્તિમાર્ગની આ કેવી વિશેષતા છે!

પરમાનંદદાસસજી છેલ્લે કહે છે કે મારી બુદ્ધિ અનુસાર થોડું થોડું અવગાહન કરતાં અને ભક્તો માટે ભગવાન ક્ષણે ક્ષણે જે નૂતન લીલાઓ કરે છે તેને વિચારતાં, ભગવત્કૃપાથી એ આનંદનો કંઈક અંશ જાને પણ મળ્યો છે. જે તમને મારામાં દેખાય છે. એના પ્રતાપે જ ભગવદ્ લીલારસને આલેખતાં પદો હું ગાઉં છું ને!

બીજા દિવસે પણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી પર્વત પર જઈને શ્રીજીબાવાની સન્મુખ તેમણે પ્રભુને જગાવવાથી લઈ પોઢાડવા સુધીનાં ખૂબ કીર્તન ગાયાં. શ્રીમહાપ્રભુજી આ કીર્તન સાંભળીને ખૂબ પ્રસન્ન થયા.

આપશ્રીએ પરમાનંદદાસજીને શ્રીજીબાવાની કીર્તનસેવા આપી. તેઓ નિત્ય નવાં પદ રચી, ગાઈને શ્રીગોવર્ધનધરને સંભળાવવા લાગ્યા.

૯. કૌન યહ ખેલવેકી બાન !

શ્રીમહાપ્રભુજીના સેવક ઓડછાના રજપૂત રાજા વ્રજયાત્રા કરવા નીકળેલા. શ્રીગોવર્ધનધરનાં દર્શને આવ્યા છે. સાથે રાણી પણ છે. રાજા ઉત્થાપન સમયે દર્શન કરવા ગયા. શ્રીજીએ કૃપા કરીને મનોહર સ્વરૂપે દર્શન આપ્યાં. એમનું મન અહોભાવથી ભરાઈ ગયું. દર્શન કરીને એ પોતાના મુકામે આવ્યા.

રાણીને કહે છે : શ્રીજીબાવાનાં અદ્ભુત દર્શન થાય છે તમે પણ દર્શને જઈ આવો.

રાણી કહે છે : 'પણ હું કેવી રીતે જાઉં? ભીડમાં બધાંની સાથે ઊભા રહીને દર્શન કરવાનાં હોય. હું રાણી છું. ભીડ ને પડાપડીમાં સાધારણ માણસો સાથે હું ન શોભું. ત્યાં મારું માન કેમ સચવાય? વળી પરદા વગર મારાથી રહેવાય નહિ. મારે નથી જવું દર્શન કરવાં.'

રાજા સમજાવે છે : 'અહીં ક્યાં આપણું રાજ્ય ચાલે છે? અહીં તો વ્રજના ઠાકુરનું રાજ્ય છે. આપણે તો એમનાં દાસ છીએ. અહીં વળી માન-મોટાઈ કેવાં? પણ છતાં તમારી ઈચ્છા હોય તો હું શ્રીમહાપ્રભુજીને વિનંતી કરું. આપશ્રી તમને એકલાંને દર્શન કરવાની સગવડ કરી આપશે. પણ યાદ રાખજો, વૈષ્ણવોની સાથે મળીને, ભીડમાં શ્રીજીને નિરખવાનો જે આનંદ આવશે તે પરદો ઓઢીને એકલા નિરખવામાં નહિ આવે.'

'પરદા વગર ભીડમાં તો મારે જવું જ નથી. હું તો મારી રીતે જ જાઉં. માન ગુમાવવા માટે હું કાંઈ અહીં આવી નથી.' રાણીએ હઠ પકડી.

રાણી સાવ દર્શન વિના રહે તે રાજાને ન ગમ્યું. શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી. આપશ્રીએ રાણીને સૌ પ્રથમ એકલાં પરદામાં આવી દર્શન કરી જવાની સગવડ કરી આપી. માણસોને આજ્ઞા કરી દીધી.

ભોગ-સંધ્યાઆરતીના દર્શનનો સમય છે. દર્શન ખુલતાં પહેલાં રાણીને અંદર લાવ્યાં છે. તેઓ ઊભાં ઊભાં દર્શન કરે છે. બહારનાં દ્વાર બંધ છે. બહાર વૈષ્ણવોની ભારે ભીડ જામી છે. શ્રીજીબાવાને નિરખવા સૌ આતુર થઈ રહ્યાં છે. દર્શન ખૂલવામાં વિલંબ થઈ રહ્યો છે. રાણીને કોઈ કંઈ કહી શકતું નથી.

અનેક ભગવદીયોની થતી આર્તિનો પરિતાપ શ્રીજીબાવા સહી શક્યા નહિ. પોતે સર્વ સમર્થ છે. બીજું સ્વરૂપ ધારણ કરી દ્વાર પાસે પધાર્યા. ત્યાં અંદરથી તાળું લાગેલું હતું. શ્રીજીનો હસ્તસ્પર્શ થતાં જ તાળું ખૂલી ગયું. દ્વાર ખૂલી ગયાં.

દર્શનાતુર વૈષ્ણવોની ભીડ દોડી આવી. અણધારી અને અચાનક! રાણી ન બહાર નીકળી શકી, ન ત્યાંથી ખસી શકી. એકની પાછળ બીજો ધક્કો – કોઈ ધારે તો પણ રોકી ન શકે એવો ધક્કો – ધસારો! રાણી ધક્કે ચઢી. બીજાં બધાં તો રોજના ધક્કાથી ટેવાયેલાં પણ રાણી સાવ અજાણી! એ બચી ન શકી. એનો પરદો તો પહેલે જ સપાટે ખેંચાઈને ફાટીને ચીરા થઈ ગયો. પછી પહેરેલી બારીક સાડી અને અંગ ઉપરનાં ઘરેણાંનું યે ઠેકાણું ન રહ્યું. આકળવિકળ થઈ ગઈ. પણ શું થાય ? પરમ કૌતુકી પ્રભુનું આ કૌતુક હતું.

રાણી જેમ તેમ કરીને બહુ વારે બહાર નીકળી. પછી તો એને મુકામે પહોંચાડવમાં આવી. રાજાએ એને જોઈ. મુખડું તો જોવા જેવું થઈ ગયેલું. રાજા પૂછે છે : 'રાણી સાહેબા, આ બધું શું થયું ?'

રાણી શું બોલે ? એ તો એવી લજ્જિત થઈ ગયેલી કે ન પૂછો વાત. રાજા કહે છે : 'મેં તો તમને પહેલાં જ કહ્યું હતું કે આ વ્રજનો ઠાકુર છે. એ બડો તોફાની છે. એ નંદનંદન કોઈનું યે માન કે અભિમાન ન રાખે એવો નટખટ છે. એના સાન્નિધ્યમાં આપણે રાણીપણું રાખવા જઈએ, એ એને કેમ ગમે ? મારું કહ્યું માન્યું હોત તો ?'

મંદિરમાં આ અવનવી લીલા થઈ તે સમયે શ્રીજીબાવા સન્મુખ પરમાનંદદાસજી કીર્તન કરતા હતા. તેમણે આ લીલાનાં દર્શન કરીને ગાયું:

કૌન યહ ખેલવેકી બાન !
મદનગોપાલ લાલ, કાહુકી રાખત નાહિન કાન ॥

હે મદનગોપાલ પ્રભુ, તમારી ખેલ કરવાની આ કેવી રીત છે? તમે કોઈનું ય માન કે આમન્યા રાખતા નથી.

શ્રીજીબાવા પોતાના સખાનો મીઠો ઠપકો સાંભળીને હાસ્ય કરી રહ્યા હતા. પણ શ્રીમહાપ્રભુજીએ કવિને જરા ટોક કરી.

'પરમાનંદદાસ, શ્રીજીને આવું ન કહેવાય. ખેલવામાં તો વળી રીત જોવાય? વ્રજભક્તો જેવાંની જેમણે શરમ ન રાખી, ચીરહરણ કરતાં જેમને સંકોચ ન થયો તેમને આ તો શું હિસાબમાં?'

'શ્રીજીબાવા કરે તે બધું સારું જ હોય! આપણાથી એમને આવું ન કહેવાય. તમે એવું ગાઓ કે 'ભલી યહ ખેલવેકી બાન' 'પ્રભુ, તમારી ખેલવાની આ રીત બહુ સારી છે હોં!' સ્નેહી ખોટું કરે તોયે સારું જ લાગે. ત્યારે જ એ સ્નેહી કહેવાયને? સ્નેહીનો દોષ દેખાય જ કેમ? દોષ બતાવીએ તો સ્નેહ ન ટકે. સમજ્યા?'

પરમાનંદદાસજીએ કીર્તન ફેરવીને ગાયું.

ભલી યહ ખેલવેકી બાન ।

શ્રીવલ્લભે આ સાંભળી પ્રસન્નતા બતાવી.

આ પ્રસંગ બતાવે છે કે શ્રીજીબાવા જેના ઉપર કૃપા વિચારે છે, તેની લોક-કાન, માન-પ્રતિષ્ઠા છોડાવે છે. લોક પ્રતિષ્ઠા અભિમાનને પોષે છે. અભિમાન દૈન્યનું વિરોધી છે. દૈન્યથી જ પ્રભુ પ્રસન્ન થાય છે.

૧૦. ભગવદીય વૈષ્ણવ પધાર્યા

પરમાનંદદાસજી ગોપાલપુરમાં રહી ગયા છે. સુરભિકુંડ ઉપર પર્ણકુટિમાં રહે છે. નિત્ય શ્રીગોવર્ધનનાથજી સમક્ષ કીર્તન ગાન કરે છે.

એક દિવસ સૂરદાસજી, કુંભનદાસજી, રામદાસજી વગેરે ભગવદીયો સત્સંગ કરવા માટે તેમના સુરભિકુંડ ઉપરના મુકામે ગયા. વૈષ્ણવોને પોતાના ઘેર પધારેલા જોઈ પરમાનંદદાસજીના હર્ષનો પાર ન રહ્યો. એમને લાગ્યું કે ભગવાન પોતે જ વિવિધ સ્વરૂપો ધારણ કરીને મારે ઘેર પધાર્યા છે.



પરમાનંદદાસજીને ઘરે વૈષ્ણવો પધારે છે.

આજે મારું જીવન કૃતાર્થ થઈ ગયું. બધાંને ઉચ્ચ આસને બેસાડ્યા. પોતે નમ્ર ભાવે નીચે બેઠા. તેમના હૃદયમાં પોતાનું સર્વસ્વ એ ભગવદીયો ઉપર ન્યોછાવર કરી દેવાની ભાવના પ્રકટી. ભાવાવેશમાં મગ્ન થઈ તેમણે એક નવું જ પદ રચીને ગાયું.

આયે મેરે નંદનંદનકે પ્યારે ।
માલાતિલક મનોહર બાનો, ત્રિભુવન કે ઉજિયારે ॥૧॥
પ્રેમસહિત ઉર બસત નિરંતર નેક હૂ ટરત ન ટારે ।
હૃદયકમલકે મધ્ય બિરાજત, શ્રી વ્રજરાજ દુલારે ॥૨॥
કહા જાનોં કોન પુન્ય ઉદય ભયો, મેરે ઘરજુ પધારે ।
પરમાનંદ કરત ન્યોછાવર, બાર બાર હોં વારે ॥૩॥

આ પદમાં પરમાનંદદાસજીએ કહ્યું કે આજે મારા પ્રભુ નંદનંદનના લાડિલા ભગવદીયો મારે ઘેર પધાર્યા છે. એમનો વેશ કેટલો સુંદર છે ! તેઓ ત્રણે લોકને અજવાળે છે. કંઠમાં તુલસીની માળા અને લલાટમાં મનોહર તિલક શોભે છે. મનમોહન શ્રીવ્રજદુલારા પ્રભુ શ્રીગોવર્ધનધર તેમના હૃદયમાં પ્રેમપૂર્વક બિરાજે છે. એમનાથી પ્રભુ એક ક્ષણ પણ દૂર થતા નથી. કોણ જાણે મારાં કેટલાયે જન્મોના પુણ્ય આજે ઉદય થયા છે કે આવા ભગવદ્ રૂપ ભગવદીયો મારે ઘેર પધાર્યા છે. હું એમના ઉપર વારંવાર વારી જાઉં છું. મારું સર્વસ્વ એમના ઉપર ન્યોછાવર કરી દઉં તોયે ઓછું પડે.

પરમાનંદદાસજીનો આવો પ્રેમભાવ જોઈ ભગવદીયો ખૂબ આનંદિત થયા. રામદાસજીએ પૂછ્યું : 'પરમાનંદદાસજી, એક પ્રશ્ન પૂછું?' 'હા, જરૂર પૂછો.'

અમારે એ જાણવું છે કે વ્રજમાં નંદયશોદા, ગોપ-ગોપીઓ, ગ્વાલબાલો, પશુપક્ષીઓ સૌ રહે છે. સૌને શ્રીઠાકોરજીમાં ઘણો પ્રેમ છે. પરંતુ એ બધામાં ચડિયાતો પ્રેમ કોનો ?

પરમાનંદદાસજીએ આ પ્રશ્નનો જવાબ એક કીર્તન ગાઈને આપ્યો.

ગોપી પ્રેમકી ધ્વજા ।
જિન ગોપાલ કિયે અપને બસ, ઉર ધરી શ્યામ ભુજા ।।

આ પદમાં પરમાનંદદાસજીએ કહ્યું કે બધામાં સર્વશ્રેષ્ઠ પ્રેમ ગોપીજનોનો છે. જેમ મંદિરના શિખર ઉપર સૌથી ઊંચે ધજા શોભે તેમ બધામાં ગોપીપ્રેમ સર્વોપરી છે. તેમણે એવો પ્રેમરસ ગોપાલપ્રભુને પાયો કે તેઓ તેમને વશ થઈને રહ્યા. એ વ્રજવનિતાઓ મહા ભાગ્યશાળી છે. આખા સંસારમાં એમના જેવાં પુણ્યશાળી કોઈ નથી. તેમણે શ્રીઠાકોરજીનું સુખ વિચારી પ્રભુની જે સ્નેહમયી સેવા કરી છે. તેની તો વાત જ થઈ શકે તેમ નથી. જો કોઈ બ્રાહ્મણકુળમાં જન્મ લેવા માત્રથી પોતાને ઊંચા અને પવિત્ર ગણતા હોય તો તેઓ ભીંત ભૂલે છે. શ્રીહરિના પરમ કૃપાપાત્ર ગોપીજનોના જેવી પ્રેમમયી સેવાથી જ જીવ પવિત્ર બને છે.

આ સાંભળી બધા ભગવદીયો ખૂબ પ્રસન્ન થયા. પરમાનંદદાસજીએ બાળલીલાનાં પદો વિશેષ ગાયાં છે એટલે તેઓ નંદયશોદાના પ્રેમને શ્રેષ્ઠ માને છે કે કેમ, તે સૌને જાણવું હતું. વસ્તુતઃ તો ગોપીપ્રેમ જ સર્વશ્રેષ્ઠ છે. પરમાનંદદાસજીએ પણ ગોપીજનોના પ્રેમને જ સર્વશ્રેષ્ઠ ગણાવતા બીજાં પદો પણ ગાયાં.

'ધન્ય ધન્ય, પરમાનંદદાસજી' શ્રવણ કરીને બધા બોલી ઊઠ્યા. પછી ભગવદ્ વાર્તા કરીને, સૌ વિદાય થયા.

૧૧. મંગલ મંગલં વ્રજભૂવિ મંગલમ્

થોડા સમય પછીની વાત છે. એક દિવસ પરમાનંદદાસજી ગોપાલપુરથી ગોકુલ શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરવા આવ્યા છે. તે સમયે શ્રીગુસાંઈજી ગોકુલમાં બિરાજતા હતા. પરમાનંદદાસજી શ્રીગુસાંઈજીનાં અને શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરી રાત્રે ગોકુલમાં જ રોકાઈ ગયા છે.



શ્રીનવનીતપ્રિયજી સન્મુખ કીર્તન કરે છે.

સવારે શ્રીગુસાંઈજી સ્નાન કરીને શ્રીનવનીતપ્રિયજીના મંદિરમાં પધાર્યા. પ્રભુને જગાવી, મંગલભોગ ધરીને બહાર પધાર્યા. પરમાનંદદાસજીને બોલાવ્યા. આપશ્રીના હૃદયમાં તે સમયે સમગ્ર વ્રજલીલા સ્ફૂરિત થઈ રહી હતી. એનો આનંદ અંતરમાં વ્યાપી રહ્યો હતો. એ આનંદના આવેશમાં એક સુંદર પદરચના આપશ્રીએ સંસ્કૃતમાં કરી અને પરમાનંદદાસજીને સંભળાવી. પછી આપશ્રીએ આજ્ઞા કરી કે શ્રીઠાકોરજીને તેમની સર્વ લીલાઓનું ગાન બહુ પ્રિય છે. પણ આપણે તો એકી વખતે એક જ લીલા ગાઈ શકીએ. આ એક એવું પદ છે જેમાં પ્રભુની સર્વ લીલાઓનું મંગલમય ગાન એકી સાથે થાય છે. માટે તમે આ પદ નિત્ય મંગળા સમયે પ્રભુ સમક્ષ ગાજો અને એનો ભાવ વિચારજો.

પરમાનંદદાસજીએ હાથ જોડી વિનંતી કરી : 'કૃપાનાથ, અવશ્ય ગાઈશ.'

મંગળાનાં દર્શન ખૂલ્યાં. આપશ્રીએ રામકલી રાગમાં એ પદ ગાઈને પરમાનંદદાસ પાસે ગવડાવ્યું.

મંગલ મંગલં વ્રજભૂવિ મંગલમ્ ।
મંગલમિહ શ્રી નંદયશોદા, નામ સુકીર્તન –
મેતદ્રુચિરોત્સંગ સુલાલિત પાલિત રૂપમ્ ।।

પરમાનંદદાસ આ પદ ગાઈને પોતાના મુકામ ઉપર ગયા. પદના ભાવો સ્ફૂરતા ગયા તેમ એને અનુસરીને એ જ ભાવનું બીજું પદ રચીને ભૈરવ રાગમાં ગાયું.

મંગલ માધો નામ ઉચ્ચાર ।
મંગલ બદન કમલકર મંગલ, મંગલ જનકી સદા સમ્હાર ।।

આ ઉપરાંત પણ આ ભાવનાં ઘણાં પદો તેમણે રચ્યાં અને પ્રભુ સમક્ષ ગાયાં. પરંતુ મંગલ મંગલમ્ પદ નિત્ય ગાતા કેમકે શ્રીગુસાંઈજી રચિત આ પદમાં બધી વ્રજલીલા છે. શ્રીઠાકોરજીને તે નિત્ય સાંભળવી ગમે છે. વળી તે પદના ગાનથી આપણને પણ બધી વ્રજલીલાનો પાઠ થાય છે. પદના ભાવનું મહત્વ જોતાં અને શ્રીગુસાંઈજીની આજ્ઞાને અનુસરતા આજે પણ દરેક હવેલી–મંદિરમાં અને ગૃહસેવામાં પણ દરરોજ આ પદ મંગળા દર્શન સમયે ગવાય છે.

બાલમિત્રો, તમે પણ મોટા થાઓ ત્યારે આ પદ શીખીને નિત્ય મંગલાદર્શન સમયે તમારા સેવ્યપ્રભુ સમક્ષ ચોક્કસ ગાજો અને પ્રભુની સર્વ વ્રજલીલાઓનું ગાન એક જ પદ દ્વારા કરી પ્રભુને રીઝવજો.

૧૨. નંદમહોત્સવનો આનંદ

જીવનભર ભગવદ્ લીલાનાં પદો અને ભગવદ્ યશ ગાતાં ગાતાં પરમાનંદદાસજીની વય ઘણી મોટી થઈ. દેહ વૃધ્ધ થયો, પણ મન યુવાન હતું. એવામાં એકવાર જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો.

જન્માષ્ટમીના દિવસે શ્રીગુસાંઈજી ગોકુળમાં શ્રીનવનીતપ્રિયજીને પંચામૃત સ્નાન કરાવી, શૃંગાર કરી, શ્રીગિરિરાજ ઉપર પધારતા અને શ્રીગોવર્ધનનાથજીના શૃંગાર કરતા. તે પછી રાજભોગ સુધીની સેવા પહોંચીને ફરી શ્રી ગિરિરાજજીથી ગોકુલ પધારતા. ત્યાં શ્રી નવનીતપ્રિયજીને મધ્યરાત્રિએ જન્મ–જાગરણ વગેરેની રીત કરી, સવારે પલને ઝુલાવતા ત્યાર પછી શ્રી ગિરિરાજ ઉપર પધારી શ્રીગોવર્ધનનાથજીનો નંદમહોત્સવ કરતા.

આજનો જન્માષ્ટમીનો ઉત્સવ કરવા શ્રીગુસાંઈજી પરમાનંદદાસજીને સાથે લઈ શ્રીગિરિરાજજીથી ગોકુળ પધાર્યા. સવારે શ્રીનવનીતપ્રિયજીને અભ્યંગ સ્નાન થતું હતું ત્યારે પરમાનંદદાસજીએ વધાઈ ગાઈ.

મંગલ ગાવો માઈ સબે મિલિ મંગલ ગાવો માઈ ।
આજ લાલકો જન્મદ્યોસ હૈ બાજત રંગ બધાઈ ॥૧॥
આંગન લીંપો ચોક પુરાવો વિપ્ર પઢન લાગે વેદ ।
કરો સિંગાર શ્યામસુંદરકો ચોવા ચંદન મેદ ॥૨॥
આનંદભરી નંદજુકી રાની ફૂલી અંગ ન સમાઈ ।
પરમાનંદદાસ તિહિ અવસર બહુત ન્યોછાવર પાઈ ॥૩॥

આ રીતે પ્રભુના જન્મ દિવસની વધાઈ સૌને આપી અને બધાંને મળીને મંગલ ગીતો ગાવાની, શ્યામસુંદરને સુંદર શૃંગાર કરવાની વાત કરી. આ શુભ અવસરે પોતે ઘણું પ્રાપ્ત કર્યું છે તેમ પણ જણાવ્યું.

ત્યારપછી શ્રીગુસાંઈજીએ શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર કર્યા. શૃંગાર થયા તે દરમ્યાન પણ પરમાનંદદાસજીએ ઘણી સુંદર વધાઈઓ ગાઈ. શ્રીગુસાંઈજીએ શ્રીનવનીતપ્રિયજીને તિલક કર્યું. તે સમયે તેમણે વધાઈનું સુંદર પદ ગાયું. આજે પણ જ્યારે પણ શ્રીપ્રભુને ઉત્સવના દિવસે તિલક થાય છે ત્યારે આ પદ સર્વત્ર ગવાય છે.

આજ વધાઈકો દિન નીકો ।
નંદઘરની જસુમતિ જાયો હૈ લાલ ભાવતો જીકો ॥૧॥
પંચ શબ્દ બાજે બાજત ઘર ઘરતેં આયો ટીકો ।
મંગલ કલશ લિયે વ્રજસુંદરી ગ્વાલ બનાવત છીકો ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન, ચિરજીયો કોટિ વરીસો ।
પરમાનંદદાસકો ઠાકુર ગોપ ભેખ જગદીસો ॥૩॥

આવાં વધાઈનાં અનેક પદ તેમણે ગાયાં. રાત્રે શ્રી નવનીતપ્રિયજીને શ્રીગુસાંઈજીએ પલનામાં પધરાવ્યા. નંદરાયજી, યશોદાજી, ગોપીગ્વાલ વગેરેને ભેખ ધરીને પધરાવ્યા. શ્રીગુસાંઈજી પલને ઝુલાવે છે. પરમાનંદદાસજી વધાઈનાં પદ ગાઈ રહ્યા છે.



નંદમહોત્સવનાં કીર્તન કરતા મૂર્છિત થઈ જાય છે.

શ્રીગુસાંઈજી નંદમહોત્સવ મનાવી રહ્યા છે. નંદરાયજી, ગોપીગ્વાલ, અંતરંગ ભગવદીયો, બાળકો વગેરે સર્વને સાથે લઈને દધિકાદો કરી રહ્યા છે. એટલું બધું દહીં ઊડાડે છે કે એ દહીંનો કાદવ થઈ રહ્યો છે. ચારે બાજુ દહીં ઊડી રહ્યું છે. પ્રસાદ ઉછળી રહ્યો છે. યશોદાજી લાલનને પલને ઝુલાવી રહ્યા છે. નંદરાયજી આનંદ કરી રહ્યા છે. ગોપીગ્વાલ આનંદમાં મસ્ત બની નાચીકૂદી રહ્યાં છે. આ સમયે પરમાનંદદાસજીનું ચિત્ત આનંદમાં મગ્ન થઈ ગયું. નાચવા લાગ્યા અને ગાવા લાગ્યા. રાગનો ક્રમ પણ ભૂલી ગયા. રાત્રિનો સમય છે છતાં સારગ રાગમાં પદ ગાયું.

હેરી હૈ આજ નંદરાયકે આનંદ ભયો ।
હેરી હૈ ભૈયા હો આજ નંદરાયકે આનંદ ભયો ।
નાચત ગોપી કરત કુલાહલ મંગલ ચાર ઠયો ॥૧॥
રાતી પીયરી ચોલી પહેરે નૌતન ઝુમક સારી ।
ચોવા ચંદન અંગ લગાયે સિંદૂર માંગ સંવારી ॥૨॥
માખન દૂધ દહ્યો ભરી ભાજન, સકલ ગ્વાલ લે આયે ।
બાજત બેનુ પખાવજ મહુવર, ગાવત ગીત સુહાયે ॥૩॥
હરદ દૂબ અક્ષત દધિ કુમકુમ આંગન બાઢી કીચ ।
હસ ત પરસ્પર પ્રેમ મુદિત મન લાગિ લાગિ ભુજ બીચ ॥૪॥
ચહૂં વેદધુનિ કરત મહામુનિ, પંચ શબ્દ ઢમઢોલ ।
પરમાનંદ બઢ્યો ગોકુલમેં આનંદ હૃદય કલ્લોલ ॥૫॥
હેરી હે, ભૈયા હો, આજ નંદરાયકે આનંદ ભયો.

આ પદમાં તેમણે નંદમહોત્સવનું સુંદર વર્ણન કર્યું. ગાતાં ગાતાં એમના હૃદયમાં એવો અસાધારણ આનંદનો આવેશ આવ્યો કે નાચતા નાચતા ભાવવિવશ બની નીચે પડી ગયા. મૂર્છાવશ થઈ ગયા. શ્રીગુસાંઈજીએ પોતે શ્રીહસ્તથી તેમને ઊઠાડ્યા. ખોબામાં જલ લઈ, વેદમંત્ર ભણી તેમના મ્હોં ઉપર છાંટ્યું. પરમાનંદદાસજીએ બાહ્ય રીતે શુદ્ધિ ગુમાવી હતી પણ તેમના



અંતિમ સમય પર ગુસાંઈજી દર્શન દેવા પધારે છે.

અંતરમાં તો નંદમહોત્સવની એ લીલા રમી રહી હતી. શ્રીગુસાંઈજીએ જલ છાંટીને સાવધાન કર્યા ત્યાં સુધી લીલાનાં દર્શન એમને થતા રહ્યા.

આપશ્રીએ એ દર્શનના રસને એમના હૃદયમાં સ્થિર કર્યો. હૃદયમાં બધી લીલાનો તેમને અનુભવ થયો. એ પ્રમાણે ઘણાં કીર્તન ગાયાં. શ્રીગુસાંઈજીએ આ રીતે તેમના ઉપર ઘણી કૃપા કરી.

પરમાનંદદાસજીએ પલનાનાં અને આશિષનાં કીર્તન ગાયાં. શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. પછી શ્રીગુસાંઈજી તેમને લઈને શ્રીગિરિરાજ પધાર્યા. ત્યાં પણ શ્રીગોવર્ધનનાથજીનો નંદમહોત્સવ અને દધિકાદવનાં દર્શન કરીને તેઓ લીલારસમાં મગ્ન થઈ ગયા. શ્રીગુસાંઈજીએ તેમની અલૌકિક દશા જોઈને આજ્ઞા કરી : 'કુંભનદાસનો જેમ કિશોરલીલામાં નિરોધ થયો તેમ પરમાનંદદાસનો બાલલીલામાં નિરોધ થયો છે.'

વૈષ્ણવ પરમાનંદદાસજીને પર્વત ઉપરથી નીચે લઈ આવ્યા. શ્રીજીબાવાનાં ધજાજીને દંડવત્ કરીને તેઓ સુરભીકુંડ ઉપર પોતાની પર્ણકુટિમાં આવ્યા. નંદમહોત્સવના રસમાં મગ્ન થઈને, મૂર્છિત દશામાં પડ્યા રહ્યા.

૧૩. પરમાનંદદાસજીને લીલા પ્રાપ્તિ

પરમાનંદદાસજી સુરભિ કુંડ ઉપર પોતાની પર્ણકુટિમાં આવી, નંદમહોત્સવના આનંદમાં મગ્ન થઈ, મૂર્છિત દશામાં પડ્યા છે. બાહ્ય બાબતોનું ધ્યાન નથી. બોલવાનું બંધ થયું છે. મન લીલાચિંતનમાં ઊંડે ઊંડે ઉતરતું જાય છે.

શ્રીગુસાંઈજીએ શ્રીજીબાવાને રાજભોગ ધર્યો. ભોગ સરાવી દર્શન ખોલ્યાં ત્યારે પરમાનંદદાસને કીર્તન કરતાં ન જોયા. શ્રીગોવર્ધનધરને અનોસર કરાવી બહાર પધાર્યા. વૈષ્ણવોને પૂછ્યું તો કોઈએ સમાચાર આપ્યા : 'કૃપાનાથ, એ તો સુરભિકુંડ બાજુ ગયા છે.'

આપશ્રી સમજી ગયા કે સુરભિકુંડ તો પરમાનંદદાસનું મૂળ સ્થાન છે. એમની અવસ્થા આજે એવી હતી કે આજે કંઈક અવનવું બનશે.

અંતરંગ ભગવદીયોને સાથે લઈને આપશ્રી તરત જ પરમાનંદદાસજી પાસે પધાર્યા. પરમાનંદદાસ અચેત જેવા સૂતા છે. શ્રીગુસાંઈજીએ કૃપાભરી દૃષ્ટિ કરી પોતાનો વરદ હસ્ત એમના મસ્તક પર ફેરવ્યો. આપશ્રીએ આજ્ઞા કરી : 'પરમાનંદદાસ, અમે તમારા મનની સ્થિતિ જાણીએ છીએ. હવે તમારાં દર્શન દુર્લભ થશે.'

આ સાંભળી પરમાનંદદાસ જાગ્રત થયા. શ્રીગુસાંઈજીનાં દર્શન થતાં ઊઠીને બેઠા થયા. શ્રીગુસાંઈજીને સાષ્ટાંગ દંડવત્ કર્યા. એક કીર્તન ગાયું.

પ્રીતિ તો નંદનંદન સોં કીજે ।
સંપત્તિ બિપત્તિ પર પ્રતિપાલે, કૃપા કરે તો જીજે ॥

આ કીર્તનમાં પરમાનંદદાસજીએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે પ્રીતિ તો એક તમારાથી જ કરવી જેથી આપ અમારા ઉપર કૃપા કરો. સૂરદાસજીની જેમ ગુરુપુત્ર શ્રીગુસાંઈજીમાં અને નંદનંદનમાં પોતાની અભેદ બુદ્ધિનો પરિચય આ કીર્તન દ્વારા પરમાનંદદાસે સૌને કરાવ્યો. કીર્તન સાંભળી શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા.

તે સમયે એક વૈષ્ણવે પૂછ્યું : પરમાનંદદાસજી, આપ મને એવું કોઈ સાધન બતાવો કે જે હું કરું તો શ્રીઠાકોરજી મારા ઉપર પ્રસન્ન થાય અને કૃપા કરે. ત્યારે પરમાનંદદાસજીએ એક કીર્તન ગાયું.

પ્રાત સમે ઊઠી કરીએ શ્રીલક્ષ્મણસુત ગાન.

આ કીર્તનમાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સાત બાળકોનું ગુણગાન ગાવાથી શ્રીઠાકોરજી કૃપા કરશે એમ સમજાવ્યું. આ કીર્તન દ્વારા

વૈષ્ણવોને તેમણે ગુરુભક્તિનો મહાભૂલો ઉપદેશ આપ્યો. પછી એક બીજું પદ ગાયું.

પ્રભુ સેવામેં ખર્ચ ન લાગે.

આ પદમાં શ્રીઠાકોરજીની કૃપા અને પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે શ્રીપ્રભુની સેવા કરવાની રીત બતાવી. આ બંને પદોનો અલૌકિક ભાવ જાણી શ્રીગુસાંઈજી અને બધા વૈષ્ણવોને ખૂબ આનંદ થયો.

શ્રીગુસાંઈજી પૂછે છે : 'પરમાનંદદાસ, હવે તમારું ચિત્ત ક્યાં છે ?'

જવાબમાં પરમાનંદદાસજીએ સારંગ રાગમાં એક સુંદર પદ ગાયું. જેમાં તેમણે પોતાને શ્રીઠાકોરજી અને સ્વામિનીજીની જે લીલાનાં દર્શન થઈ રહ્યાં હતાં તેનું સુંદર વર્ણન કર્યું. અંતરમાં થઈ રહેલા અનુભવને, અતિ મંદ સ્વરે, તૂટક શબ્દોમાં વ્યક્ત કર્યો.

રાધા બૈઠી તિલક સંવારતિ ।
મૃગનૈની કુસુમાયુધ કે ડર, સુભગ નંદસુત રૂપ વિચારતિ ॥૧॥
દર્પન હાથ સિંગાર બનાવતિ, વાસર-જામ જુગતિ સોં ડારતિ ।
અંતરપ્રીતિ શ્યામ સુંદરસોં પ્રથમ સમાગમ કેલિ સંભારતિ ॥૨॥
વાસર ગત રજની વ્રજ આવત, મિલત લાલ ગોવર્ધનધારી ।
પરમાનંદ સ્વામીકે સંગમ, રતિરસમગન મુદિત વ્રજનારી ॥૩॥

બપોરના સમયે જ્યારે શ્રીઠાકોરજી ગૌચારણમાં પધારે છે ત્યારે શ્રીરાધાજીનો સમય કેમેય કરતાં પસાર થતો નથી. તે સમયે રાધાજી શું કરે છે, એમના મનની અવસ્થા કેવી થાય છે, એનું વર્ણન કવિએ આ પદમાં કર્યું છે. શ્રીરાધાજીના મનની સ્થિતિ જાણે કવિના અંતરમાં પ્રતિબિંબિત થાય છે. ત્યારે જ એ જાણી શકાય અને ગાઈ શકાય ને!

કવિ કહે છે કે એ મૃગનયની રાધાને પ્રિયતમ યાદ આવી રહ્યા છે. એ કામવિવશ છે. પ્રિયતમનું રૂપ હૃદયમાં રમી રહ્યું છે.

પ્રિયતમ સાંજે પાછા પધારે ત્યારે એમને રીઝવવાની ભાવનાથી એ એકાન્તમાં બેસીને સુંદર સિંગાર સજે છે. લલાટમાં વિશિષ્ટ પ્રકારે તિલક એટલે ચાંલ્લાઓની શોભા સર્જે છે. વચ્ચે વચ્ચે હાથમાં દર્પણ લઈને પોતાનું મુખ નિરખે છે. પોતાના શૃંગારને અને તિલકને ફરી ફરીને સંવારે છે. પ્રિયતમને વધારે ને વધારે પ્રસન્ન કરવાની ભાવના છે તેથી જ સ્તો ! આમ આવી પ્રવૃત્તિ અને યુક્તિથી બપોરના પ્રિયવિપ્રયોગના ઘણા લાંબા લાગતા પ્રહરો વિતાવી રહ્યાં છે !

શૃંગાર સજતાં પણ એમના અંતરમાં તો શ્યામસુંદરની પ્રીતિ જ ઉભરાઈ રહી છે. પ્રિયતમના પ્રથમ મિલનના પરમ સુખને યાદ કરી રહ્યાં છે.

આમ કરતાં દિવસ આથમે છે. સંધ્યા સમયે પ્રાણેશ પાછા પધારીને પ્રાણેશ્વરીને મળે છે. ચિરવિરહને અંતે પ્રાપ્ત થયેલી પ્રિયમિલનની એ રજની પ્યારીજીને કેવી પ્રિય લાગે છે! એ કેવાં હર્ષિત થઈ રહ્યાં છે. પ્રિયતમ સાથે મળીને કેવાં રસમગ્ન બની ગયાં છે!

આમ પરમાનંદદાસજીએ અંત સમયે પોતાની ચિત્તવૃત્તિ યુગલ સ્વરૂપની લીલામાં લાગેલી છે, તે બધાંને બતાવ્યું. પદ પૂર્ણ થતાં જ એમના પ્રાણપક્ષીએ જીર્ણ થયેલા દેહના પિંજરાને છોડીને શ્રીજીબાવાના આનંદમય નિત્યલીલાધામ પ્રતિ પ્રયાણ કર્યું.

આ દિવસ હતો સંવત ૧૬૪૦ના શ્રાવણ વદ નોમનો. સમય હતો મધ્યાહ્નનો. વૈષ્ણવોએ તેમનો અગ્નિસંસ્કાર કર્યો.

એ રાત્રે શ્રીગુસાંઈજીની બેઠકમાં વૈષ્ણવો બેઠા હતા ત્યારે આપશ્રીએ પરમાનંદદાસજીની પ્રશંસા કરતાં આજ્ઞા કરી : 'વૈષ્ણવો, પુષ્ટિમાર્ગમાં બે સાગર થયા. એક સૂરસાગર અને બીજા આ પરમાનંદસાગર. સાગરમાં જેમ અગાધ જળ ભરેલું હોય છે તેમ આ બંને ભગવદીયોના હૃદયમાં અગાધ લીલારસ ભરેલો હતો. કીર્તનો દ્વારા એ રસ બહાર પ્રગટ થયો છે. તમે સૌ એનો લેવાય એટલો આસ્વાદ લેજો.'

'સાગરમાંથી – રત્નાકરમાંથી તો ચૌદ રત્નો નીકળેલાં પણ આ ભગવદીયોના હૃદયસાગરમાંથી તો પ્રભુની લીલાનાં કાવ્યોનાં અસંખ્ય રત્નો નીકળ્યાં છે. પુષ્ટિમાર્ગના વિવિધ રત્નો ભરેલા એ બંને સાગરો આજે તો ભૂતલ ઉપરથી અદશ્ય થયા છે પણ એ રત્નોરૂપી કીર્તનો ગાઈને તમે ભગવદ્ લીલાનો અનુભવ કરજો.'

વૈષ્ણવો ભાવવિવશ થતા વિચારી રહ્યા : કેવું બડભાગી જીવન ! કેવો શાંત લોકોત્તર દેહત્યાગ! ધન્ય ધન્ય પરમાનંદદાસજીને.

વિક્રમ સંવત ૧૫૫૦ના માગશર સુદ સાતમના દિવસે કનોજમાં જન્મેલા અને વિ.સં. ૧૫૭૭ના જેઠ સુદ બારસના દિવસે અડેલ મુકામે શ્રીમહાપ્રભુજીના શરણે આવેલા પરમાનંદદાસજીએ જતિપુરામાં સુરભિકુંડ ઉપર શ્યામતમાલના વૃક્ષ નીચે (જે વૃક્ષ થોડા સમય પહેલાં જ પડી ગયું છે.) પોતાની જીવનલીલા સંકેલી લીધી.

પરમાનંદદાસજીની આસક્તિ શ્રીકૃષ્ણની બાળલીલામાં હતી. તેમની સ્વરૂપાસક્તિ શ્રીનવનીતપ્રિયજીમાં હતી. તેમની શૃંગાર આસક્તિ ગ્વાલપગાના શૃંગારમાં હતી. તેમનું લીલામાં સ્વરૂપ તોક સખા અને ચંદ્રભાગા સખીનું છે. તેમનો કીર્તનનો મુખ્ય સમય મંગલાદર્શનનો હતો.

આવા હતા આપણા મહાનુભાવ કીર્તનસાગર ભક્તરત્ન પરમાનંદદાસજી. આપણે તેમનાં ચરણોમાં વંદન કરી તેમનાં કીર્તનો પ્રભુ સમક્ષ ગાઈએ અને તેમને સ્મરીએ.

બાલમિત્રો, જ્યારે પણ વ્રજમાં જાઓ ત્યારે જતિપુરામાં સુરભિકુંડ ઉપર અવશ્ય જજો. ત્યાં પરમાનંદદાસજીનું સ્મરણ કરી તેમનું એક કીર્તન જરૂર ગાજો.

પરમાનંદદાસજી રચિત કેટલાંક પદ

(ભાવાર્થ સાથે)

ભાવાર્થ : શ્રી વ્ર. ચી. પરીખ, પાટણ

પરમાનંદદાસજીએ જીવનભર શ્રીપ્રભુની કીર્તનસેવા કરી. હજારોની સંખ્યામાં સુંદર પદ રચીને પ્રભુ સન્મુખ ગાયાં. જ્યારે જે લીલાનાં દર્શન થયાં તે લીલાનાં પદ ગાયાં. સમય સમયના રાગમાં ગાયાં. શ્રીગોવર્ધનનાથજીની કીર્તનસેવા શ્રીવલ્લભે તેમને આપી પછી તો જીવનભર સુરભિકુંડ ઉપર રહ્યા અને શ્રીજીબાવાને કીર્તનસેવાથી રીઝવ્યા. એમનાં પદોનો સંગ્રહ 'પરમાનંદસાગર' નામે પ્રકાશિત થયો છે.

ઘણા વૈષ્ણવો પૂછે છે કે અમે જ્યારે સેવા કરીએ છીએ ત્યારે મન સેવામાં લાગતું નથી. મનમાં અનેક પ્રકારના સાંસારિક વિચારો ચાલ્યા કરે છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે ચેતસ્તત્ પ્રવણં સેવા. ચિત્તનું સેવામાં પરોવાવું તે સેવા છે. તો ચિત્ત પ્રભુની સેવામાં લાગે તે માટે શું કરવું?

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ આપણા સેવાપ્રકારને રાગ-ભોગ-શૃંગારયુક્ત બનાવ્યો છે. પ્રભુને રાગ એટલે કે કીર્તનથી, ભોગ એટલે કે સામગ્રીથી અને શૃંગાર એટલે કે સુંદર વસ્ત્ર-આભૂષણો ધરીને લાડ લડાવવા. આ પ્રકારના સેવાપ્રકારમાં સૌથી પહેલું સ્થાન રાગને આપ્યું છે. સેવા કરતાં પ્રભુની એ લીલાના ગાનમાં પરોવાય અને ચિત્તમાં સેવાને બદલે બીજા વિચારો ન આવે. મનનો પ્રભુમાં નિરોધ થાય.

કીર્તનનું મહત્ત્વ બતાવતાં શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રંથ પૈકી નિરોધલક્ષણ ગ્રંથમાં આજ્ઞા કરી છે કે –

ગુણગાને સુખાવાપ્તિઃ ગોવિન્દસ્ય પ્રજાયતે ।

એટલે કે જ્યારે ભગવદ્ ગુણગાન કરતાં મનનો પ્રભુમાં નિરોધ થાય છે, ત્યારે હૃદયમાં બિરાજમાન પ્રભુ કૃપા કરીને પ્રગટ થાય છે અને પોતાના પરમાનંદનું દાન ભક્તને કરે છે.

આ રીતે કીર્તન દ્વારા પ્રભુમાં ખોવાઈ જવું અને આપણને પોતાને પણ ભૂલી જવું એ નિરોધનો એવો પ્રકાર છે કે જેનાથી પ્રભુનો સાક્ષાત્કાર થાય છે.

શ્રીમહાપ્રભુજી સુબોધિનીમાં આજ્ઞા કરે છે કે 'જ્ઞાત્વા પાને મહાન રસઃ' પ્રભુની લીલાને સમજીને, તેનું પાન કરવું એ મહારસ છે. પ્રભુ પોતે 'રસો વૈઃ સઃ' છે. તેથી કીર્તન દ્વારા તેમનું ગુણગાન કરવાથી લીલારસનું પાન કરવાથી, રસ પ્રગટ થાય છે. તેથી જ ભગવદીયોએ ગાયું છે કે – જો સુખ હોત ગોપાલે ગાયે. – ગોપાલના ગુણગાનથી જ સાચું સુખ મળે છે.

ઘણાં કહે છે કે અમને કીર્તન ગાતાં આવડતાં નથી. રાગ–તાલનું જ્ઞાન નથી. તો અમે કેવી રીતે કીર્તન ગાઈએ ?

એના જવાબમાં એટલું જ કહેવાય છે કે કીર્તન રાગ–તાલ પ્રમાણે ગાવાં જોઈએ એ વાત સાચી છે, પરંતુ પ્રભુ માત્ર રાગ–તાલથી રીઝતા નથી. કીર્તન ગાનાર વૈષ્ણવના હૃદયના ભાવથી રીઝે છે. તદ્દન બેસૂરા અવાજે ગવાતાં રૂપા પોળિયાનાં કીર્તન સાંભળે ત્યારે જ શ્રીજીબાવાને નિંદર આવતી. એક દિવસ ગોવિંદ સ્વામીએ એને મનાઈ કરી કે આવા બેસૂરા રાગે કીર્તન ન ગાઈશ. રૂપાએ રાત્રે મંદિરની ચોકી કરતાં કીર્તન ન ગાયાં તો શ્રીજીબાવાએ શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી કે આજે મને રૂપાના કીર્તન સાંભળવા ન મળ્યા તો નિંદર ન આવી. ઉજાગરો થયો.

આમ આપણે ત્યાં કીર્તનની બે પરંપરા છે. બંનેથી પ્રભુ રીઝે છે. ગોવિંદસ્વામીની પરંપરા અને રૂપા પોળિયાની પરંપરા. તેથી સેવા કરતાં કીર્તન ગાવાં. ગાતાં ન આવડે તો પુસ્તકમાં બોલી જવા. પણ પ્રભુને જગાવવાથી પોઢાડવા સુધીના સેવાક્રમમાં કીર્તનને જરૂર સ્થાન આપવું.

ઘણાંની ફરિયાદ છે કે કીર્તન ગાઈએ છીએ કે વાંચી જઈએ છીએ પણ એ સમજાતાં નથી, તેથી આનંદ આવતો નથી.

કીર્તનો વ્રજભાષામાં છે. એ આપણા પ્રભુની ભાષા છે. એ ન સમજાય તો પણ ગાવાં. ધીરે ધીરે ટેવ પડવાથી પ્રભુકૃપાથી સમજાશે. કીર્તનમાં ગવાયેલી લીલા અને તેના ભાવને સમજવાથી સેવા ક્રિયાત્મક નહિ બને. ભાવમયી બનશે.

અષ્ટસખા મહાનુભાવોએ હજારોની સંખ્યામાં કીર્તનો રચીને પ્રભુ સન્મુખ ગાયાં છે. એના અનેક કીર્તનસંગ્રહો પ્રકાશિત થયેલ છે. નિત્યના અને વર્ષોત્સવનાં કીર્તનો ગાવાની આપણે જરૂર ટેવ પાડીએ.

અહીં પરમાનંદદાસજીનાં કેટલાંક કીર્તન ભાવાર્થ સાથે આપ્યાં છે જેના અભ્યાસથી ધીરે ધીરે અન્ય કીર્તનો પણ સમજાશે.

૧. શ્રીયમુનાજીનું પદ

(રાગ – રામકલી)

શ્રીયમુનાજી, દીન જાનિ મોહિ દીજે ।
નંદકો લાલ સદા વર માંગો, ગોપીનકી દાસી મોહિ કીજે ॥૧॥
તુમ તો પરમ દયાલ કૃપાનિધિ, ચરન શરન સુખકારી ।
તિહારે બસ સદા લાડિલીવર, નિર્તત તટ ગિરિધારી ॥૨॥
વ્રજનારી સબ ખેલત હરિસંગ, અદ્ભુત રાસ વિલાસી ।
તિહારે પુલિન મધ્ય કુંજન દ્રુમ, કમલ પુષ્પ હૈ સુવાસી ॥૩॥
જ્યોં મંડલમેં ચંદ બિરાજત, ભર ભર છિરકત નારી ।
શ્રમજલ હરત, ન્હાત અતિ રસભર, જલક્રીડા સુખકારી ॥૪॥
રાનીજુકે મંદિરમેં નિત્ય ઊઠ પાય લાગે, ભવન કાજ સબ કીજે ।
પરમાનંદદાસ દાસી વ્હૈ, નંદનંદન સુખ લીજે ॥૫॥

હે શ્રીયમુનાજી, મને દીન જાણીને આપ એવું વરદાન આપો કે નંદજીના લાલ કૃષ્ણ મને પતિ સ્વરૂપે મળે. ગોપીજનોની દાસી તરીકે મને સેવા મળે.

હે શ્રીયમુનાજી, આપ તો પરમ દયાલુ છો, કૃપાનિધિ છો, આપના ચરણનું શરણ સુખકારી છે. શ્રી લાડિલીજીના રાધાજીના વર પ્રભુ શ્રીકૃષ્ણ સદા આપને વશ થઈને રહે છે. એ ગિરિધારી પ્રભુ આપના તટ ઉપર નૃત્ય કરે છે, ત્યારે બધાં ગોપીજનો પણ તેમની સાથે રાસ ખેલે છે. અદ્‌ભુત રાસવિલાસ રચાય છે. આપના તટ ઉપર આવેલ કુંજોમાં સુંદર સુવાસિત કમલ પુષ્પો ખીલ્યાં છે. પ્રભુ ત્યાં ગોપીજનોની મધ્યમાં બિરાજે છે ત્યારે જાણે તારામંડળની મધ્યમાં ચંદ્ર બિરાજતો હોય એવી શોભા લાગે છે. સખીજનો હાથમાં જલ લઈ લઈને પ્રભુ ઉપર અને એકબીજા ઉપર છિરકી રહ્યાં છે. જલક્રીડા કરતાં થયેલાં પ્રસ્વેદ શ્રીયમુનાજીમાં સ્નાન કરતાં દૂર થઈ જાય છે. (માટે જ સ્મરશ્રમ-જલાણુભિઃ એમ વર્ણવાયું છે.) આમ રસભર્યાં સૌ શ્રીયમુનાજીમાં સ્નાન કરે છે. સુખદાયક જળક્રીડા કરે છે.

હવે કવિ આપણને સંબોધીને કહે છે કે નિત્ય સવારે ઊઠીને તમે શ્રીમહારાણીજીને પાયે લાગી (પગે લાગી) પછી જ ઘરનું બધું કામ કરજો. શ્રીમહારાણીજીનું દાસત્વ સ્વીકારજો તો જ તમને શ્રી નંદનંદનનું સુખ પ્રાપ્ત થશે.

૨. મંગલ માધો નામ ઉચ્ચાર

રાગ – ભૈરવ

મંગલ માધો નામ ઉચ્ચાર ।
મંગલ વદન કમલ કર મંગલ, મંગલ જનકી સદા સંભાર ॥૧॥
દેખત મંગલ પૂજત મંગલ, ગાવત મંગલ ચરિત ઉદાર ।
મંગલ શ્રવણ કથારસ મંગલ, મંગલ તન વસુદેવ કુમાર ॥૨॥
ગોકુલ મંગલ મધુવન મંગલ, મંગલ રચિત વૃંદાવન ચંદ ।
મંગલ કરન ગોવર્ધનધારી, મંગલ ભેષ જસોદા નંદ ॥૩॥

મંગલ ધેનુ, રેનુ ભુવિ મંગલ, મંગલ મધુર બજાવત બેન ।
મંગલ ગોપવધૂ પરિરંભન, મંગલ કાલિંદી પય ફેન ॥૪॥
મંગલ ચરન કમલ સુર વંદિત, મંગલ કીર્તિ જગત નિવાસ ।
મંગલ ધ્યાન વિચારત અનુદિન, મંગલ મન પરમાનંદદાસ ॥૫॥

શ્રીગુસાંઈજીએ પરમાનંદદાસજીને 'મંગલ મંગલમ્ વ્રજભુવિ મંગલમ્' – પોતાની સંસ્કૃત રચના ગાઈ બતાવી, રોજ પ્રભુ સન્મુખ મંગલા દર્શન સમયે ગાવાની આજ્ઞા કરી. પછી પરમાનંદદાસ પોતાના મુકામે ગયા. આ પદના ભાવો હૃદયમાં સમજાતા ગયા તેમ તેમ તેમણે વ્રજભાષામાં એ ભાવોને વ્યક્ત કરતાં પદોની રચના કરી. ઉપર આપેલું પદ તેમાનું એક પદ છે.

કવિ આ પદમાં કહે છે કે શ્રીગોવર્ધનધરનું સર્વ કાંઈ મંગલ રૂપ છે. એમના મંગલમય નામને ઉચ્ચારો તો સકલ અમંગલ દૂર થઈને બધું શુભ થઈ જશે. મંગલા દર્શન સમયે પ્રભુના મંગલ મુખારવિંદના દર્શન કરવાથી શ્રીજીબાવા એ ભક્તને પોતાના નિજજન જાણી, એની સદા સંભાળ લેશે. (૧)

મંગલમય જેમનું સર્વ અંગ છે તેવા શ્રીકૃષ્ણનું પૂજન એટલે કે સેવા, પ્રભુની મંગલ શ્રવણ અને તેમના ઉદાર ચરિત્રનું ગાન – આ બધું જ મંગલ છે. (૨)

શ્રીમદ્ ગોકુલ, મધુવન-વ્રજદેશ મંગલમય છે. શ્રીકૃષ્ણે રચેલી સર્વ લીલા મંગલમય છે. શ્રીનાથજીબાવા સર્વનું મંગલ કરનારા છે. શ્રીનંદરાયજી તેમજ શ્રીયશોદાજી પણ મંગલમય છે. (૩)

શ્રીકૃષ્ણે ચરાવેલી ગાયો મંગલમય, જ્યાં પધાર્યા ત્યાંની ભૂમિ અને રજ પણ મંગલમય, ત્યાં જે વગાડે છે તે વેણુ અને વેણુનાદ પણ મંગલમય છે. વળી ગોપીજનો મંગલ સ્વરૂપ, તેમને જે આલિંગન આપે છે તે ય મંગલરૂપ

છે. શ્રીયમુનાજીનું જલ મંગલમય અને તેની ઉપર આવતું ફીણ પણ મંગલમય છે. (૪)

શ્રીકૃષ્ણના ચરણકમળ જેને દેવો પણ વંદે છે, તે મંગલમય છે. આપની કીર્તિ મંગલરૂપ છે અને આપે જે જગતમાં નિવાસ કર્યો છે તે પણ મંગલરૂપ છે. પરમાનંદદાસજી કહે છે કે આવા મંગલમય પ્રભુનું ધ્યાન ધરતાં અને ઉપર વર્ણવ્યું તે બધું વિચારતાં વિચારતાં મારાં મન અને મતિ પણ મંગલરૂપ બની ગયાં છે. (૫)

૩. પ્રભુની સ્વરૂપ શોભા

રાગ – સારંગ

સુંદર મુખકી હોં બલ બલ જાઊં ।
લાવણ્યનિધિ ગુણનિધિ શોભાનિધિ, દેખ દેખ જીવત સબ ગાઊં ।।૧।।
અંગ અંગ પ્રતિ અમિત માધુરી, પ્રગટિત રશ્મિ રુચિર ઠાઊં ઠાઊં ।
તામેં મૃદુ મુસિકાનિ હરત મન, ન્યાઈ કહત કવિ મોહન નાઊં ।।૨।।
સખા અંસ પર વામ બાહુ દિયે, યા છબિકી બિન મોલ બિકાઊં ।
પરમાનંદ નંદનંદનકો નિરખી નિરખી ઉર નૈન સિરાઊં ।।૩।।

ગોપી અહીં પૂર્ણ ભાવથી નંદનંદનની રૂપ માધુરીનું વર્ણન કરે છે. કહે છે કે મોહનના સુંદર મુખ ઉપર હું ઓવારી જાઉં છું એ મનમોહન કેવા છે? લાવણ્યના ભંડાર, ગુણની ખાણ, શોભાના સાગર. અરે, હું તો શું, આખું ગોકુલ ગામ એને જોઈને જીવે છે.

એના અંગ અંગમાં અનુપમ મધુરતા છે. શ્રીઅંગમાંથી અને એના રત્નજડિત આભૂષણોમાંથી, ઠામ ઠામથી, સોહામણાં તેજકિરણો પ્રસરે છે અને એની મંદ મુસકાન તો મારું મન જ મોહી લે છે. એને મોહન કહેવાય છે તે ખરેખર યોગ્ય જ છે.

પોતાના સખાના ખભા પર પોતાનો ડાબો હસ્ત મૂકીને ચાલે છે ત્યારે તો

એવા શોભે છે કે એ સૌંદર્ય પર હું બિના મોલે વેચાઈ જાઉં – નિષ્કામ દાસત્વ સ્વીકારી લઉં.

પરમાનંદદાસજી કહે છે કે ગોપીની જેમ મને પણ નંદલાલને નિરખીને નિરંતર મનને તૃપ્ત કરું અને મારા નયનોને ઠારું એવી અભિલાષા મનમાં રહ્યા કરે છે.

૪. જન્માષ્ટમીની વધાઈ

(શ્રીપ્રભુને તિલક થાય ત્યારે ગવાતું પદ)

રાગ – સારંગ

આજ બધાઈકો દિન નીકો ।
નંદ ઘરુનિ જસુમતિ જાયો હૈ, લાલ ભાવતો જીકો ।।૧।।
પંચશબ્દ બાજે બાજત, ઘર ઘરતેં આયો ટીકો ।
મંગલ કલસ લિયે વ્રજસુંદરી, ગ્વાલ બનાવત છીકો ।।૨।।
દેત અસીસ ગર્ગ જુ મહામુનિ, જીયો કોટિ બરિસો ।
પરમાનંદ દાસકો ઠાકુર, ગોપ ભેષ જગદીશો ।।૩।।

આજે સુંદર વધાઈનો–અભિનંદનનો દિવસ છે. આનંદનો દિવસ છે. નંદરાણીએ મનગમતા લાલનને જન્મ દીધો છે.

પાંચ પ્રકારના વાજિંત્રો વાગી રહ્યાં છે. ઘેર ઘેરથી લાલનને તિલક કરવા સૌ આવી રહ્યાં છે. ગોપીજનોએ મંગલ કલશ લીધા છે અને ગ્વાલોએ દહીંની કાવડો લીધી છે.

ગર્ગ જેવા મહા મુનિ આશિષ આપી રહ્યા છે. 'તમારો લાલ જુગ જુગ જીવો. કરોડો વર્ષો સુધી ચિરંજીવ રહો.' પરમાનંદદાસજી કહે છે કે જગતના નિયંતા એવા મારા ઠાકુર આજે નંદરાયજી જેવા ગોપને ઘેર ગોવાળ બની પધાર્યા છે.

આ પદ પ્રાગટ્ય ઉત્સવના દિવસે પ્રભુને તિલક થાય ત્યારે સર્વત્ર ગવાય છે.

૫. જન્માષ્ટમી વધાઈ

રાગ – કાન્હરો

યહ ધન ધર્મ હી તે પાયો ।
નીકે રાખ જસોદા મૈયા, નારાયન વ્રજ આયો ॥૧॥
જા ધનકો મુનિ જપ તપ ખોજત, વેદ હુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગરમેં, બ્રહ્મા જાય જગાયો ॥૨॥
જા ધનતેં ગોકુલ સુખ લહિયત, સગરે કાજ સંવારે ।
સો ધન બાર બાર ઉર અંતર, પરમાનંદ વિચારે ॥૩॥

આ પદમાં પરમાનંદદાસજી પ્રભુના માહાત્મ્યનું વર્ણન કરે છે. કહે છે કે હે યશોદામૈયા, આ પુત્રરૂપી ધન તને અનેક પુણ્યોના પ્રતાપે પ્રાપ્ત થયું છે. (જેમ લૌકિક ધન દાન-પુણ્ય કરનારને મળે છે તેમ) મૈયા, તુ આ પુત્રને લૌકિક પુત્ર સમજીશ નહિ. સાક્ષાત નારાયણ તારે ઘેર પુત્ર રૂપે પધાર્યા છે. માટે એને તું સારી રીતે જાળવજે.

મોટા મોટા મુનિઓ જપ-તપ કરીને જેને મેળવવા મથે છે, વેદ જેના સ્વરૂપનો પાર પામતા નથી એવા ક્ષીરસાગરમાં પોઢેલા નારાયણ ભગવાન બ્રહ્માની વિનંતીથી અહીં પ્રગટ થયા છે.

ગોકુળમાં ભગવાન પ્રગટ થતાં સર્વ સુખ સાંપડશે. સકલ કાર્ય સિદ્ધ થશે. પરમાનંદદાસજી કહે છે કે હું પણ આ ભગવાન રૂપી ધનનું મારા હૃદયની તિજોરીમાં જતન કરું છું એટલે કે વારંવાર એ પ્રભુનું ચિંતન કરું છું.

૬. બાલલીલાનું પદ

રાગ – ગુર્જરી

મૈયા, ભૂષન અપને લે રી ।
મોરકે ચંદા, કાચકે મનિયાં, ગુહિ ગુંજાફલ દે રી ॥૧॥

દુરિ-દુરાકો ખેલ સખનમેં, ખેલન હોં જુ ન પાઉં ।
મુખ-શશિ-પ્રભા બાંહ તર રાખૂં, યા છબિ કહાં દુરાઉં ॥૨॥
આજ સદન વૃષભાન ગોપકે, ખેલન હોં જુ ગયો ।
સગરે સખા આગેસે ભાગે, હોં હી ચોર ભયો ॥૩॥
તબ મહરિ વૃષભાન ગોપકી, ગહી અચરા મોહિ રોક્યો ।
ચૂંબિ વદન મિઠાઈ હાથ દે, અંગ અંગ અવલોક્યો ॥૪॥
તબ વૃષભાન આયકે કહે, કહા યહ નંદકુમાર ન હોઈ ।
પરમાનંદ કુંવરિકો દૂલહે, કહત હૂતે જો સોઈ ॥૫॥

એક દિવસ કૃષ્ણકન્હૈયા સાંજે વનમાંથી ઘેર આવ્યા પછી મૈયા ને કહે છેઃ 'મૈયા, આ તારાં બધાં કિમતી આભૂષણો તું કાઢી લે. તેં મને આ શા માટે પહેરાવ્યાં છે? બસ, મને તો તું મોરનું પિચ્છ, કાચના મણકાની માળા અને ગુંજામાળા જ પહેરાવ.'

મૈયા પૂછે છે : 'લાલા, આવું બધું તારા મનમાં કેમ આવ્યું છે? આભૂષણોથી તો તું કેટલો સુંદર લાગે છે?'

લાલન કહે છે, 'જો મૈયા, બધા સખા વનમાં સંતાકૂકડીની રમત રમે છે, પણ હું રમી શકતો નથી, આ આભૂષણો રત્નજડિત છે, તેમનું તેજ છુપાવ્યું છૂપતું નથી. હું જ્યાં સંતાઉં ત્યાંથી એ તેજને કારણે પકડાઈ જાઉં છું.'

'અરે વાહ મારા લાલન, શું તમે જાણતા નથી કે તમે ઘરેણાં નહિ પહેરો તો યે તમારા ચંદ્ર સમાન મુખનું તેજ છાનું રહેવાનું નથી. તમે પકડાઈ જ જવાના છો.'

'ના મૈયા, મુખ આડો તો હું હાથ દઈ દઉં, એટલે તેજ ઢંકાઈ જાય. ચંદ્રની આગળ વાદળ આવી જાય પછી તેનું તેજ ક્યાંથી દેખાય?'

'અને મૈયા, એક બીજી વાત પણ કહું. આજે હું બધા સખાઓ સાથે ખેલતા ખેલતા વૃષભાનજીના ઘરે જઈ ચડ્યો. મારી સાથેના સખાઓ તો

અંધારામાં કોઈની નજરે ન ચડ્યા અને ભાગી ગયા પણ હું તો આ આભૂષણોના કારણે પકડાઈ ગયો. હું જ ચોર ઠર્યો.'

'પછી શું થયું લાલ, તને મોટી શિક્ષા કરી?' માતાએ પૂછ્યું. લાલન કહે છે : 'અરે, વૃષભાનજીની મહરિ કીર્તિરાણીએ મારો ઉપરણાનો છેડો પકડ્યો, વિચાર કર, હું કેટલો ગભરાયો હોઈશ? પણ પછી તો એમણે મને ઓળખીને ગાલ પર ચૂમીઓ ભરી, હાથમાં મીઠાઈ આપી, મને ધારી ધારીને જોતાં જ રહ્યાં.'

એટલામાં વૃષભાનજી ત્યાં આવ્યા. કહેવા લાગ્યા, 'અરે, શું આ નંદજીનો પુત્ર તો નથીને, જેને આપણે આપણી રાધાનો વર બનાવવો છે?'

'મૈયા, જો આ બધું આ આભૂષણોને લીધે જ વીતે છે. તું એ બધાં લઈ જ લે.'

માતાએ પછી શું કર્યું તે પરમાનંદદાસજી જણાવતા નથી. એમને જ પૂછીશું?

૭. ધન્ય રાની જસુમતિ ગૃહ

રાગ – કાન્હરો

ધન્ય રાની જસુમતિ ગૃહ આવત ગોપીજન ।
વાસરતાપ નિવારન કારન, વારંવાર કમલમુખ નિરખન ॥૧॥
ચાહત પકરિ દેહરિ ઉલંઘન, કિલકી કિલકી હુલસત મન હી મન ।
રાઈ લોન ઉતારી દુહૂં કર, વારિ ફેરિ ડારત તન મન ધન ॥૨॥
લાલ લેત ઉછંગ ચાંપત, હિયો ભરિ પ્રેમ, લાગે દગ ઢરકન ।
લે ચલી પલન પોઢાવનકો, અરકસાય પોઢે સુંદર ઘન ॥૩॥
દેત અસીસ સકલ ગોપીજન, ચિરજીયો લાલ જો લોં ગંગ જમન ।
પરમાનંદદાસકો ઠાકુર, ભક્ત વત્સલ ભક્તન મન રંજન ॥૪॥

પરમાનંદદાસજી આ પદમાં પ્રભુની બાલલીલા વર્ણવે છે અને કૃષ્ણ જેવો પુત્ર પામવા બદલ યશોદારાણીને ધન્યવાદ આપે છે.

રાત્રિનો સમય છે. યશોદાજીને ઘેર ગોપીજનો આવી રહ્યાં છે. દિવસભર ગોપીજનોને લાલનનું મુખ નિરખવાની લાલસા થયા કરે છે, પણ ઘરનાં કામકાજને લઈને, ગુરુજનોની રોકટોકને લઈને, આવી શકતાં નથી. તેથી રાત્રિએ આવીને વારંવાર પ્રભુનું કમલમુખ નિરખ્યા કરે છે.

લાલન નંદભવનમાં ઘૂંટણિયે ચાલે છે. ઉંબરો ઓળંગવા મથે છે. વારંવાર પ્રયત્ન કરતાં ઉંબરો ચઢી જાય છે એટલે કિલકારી કરતાં મનમાં ને મનમાં આનંદે છે. લાલનને નજર ન લાગે તે માટે ગોપી લાલનને રાઈ-લોન (મીઠું) ઉતારે છે. બંને હાથે લાલનના ઓવારણાં લે છે. પ્રેમવિવશ બનીને, લાલનને ગોદમાં લઈ, હૃદય સાથે લગાવે છે. મન ભરાય ત્યાં સુધી વ્હાલ કરે છે. પછી જુએ છે કે લાલનના નયનો નિદ્રાથી ઢળી રહ્યાં છે એટલે એમને લઈને પલનામાં પોઢાવવા જાય છે. શ્યામ સુંદરના અંગ અંગમાં આળસ ભરાયેલી છે. આળસ મરડે છે. બગાસાં આવે છે. થોડી વારમાં પોઢે છે.

ગોપીજનો આશિષનું ગાન કરે છે. 'ચિરજીયો ગોપાલ રાની તેરો ચિરજીયો ગોપાલ.' 'લાલન આપ જુગ જુગ જીયો. જ્યાં સુધી ગંગા-જમનામાં જળ વહે ત્યાં સુધી.'

પરમાનંદદાસજી કહે છે કે આ વ્રજભક્તોને ઠાકુરજીમાં પ્રેમ છે એવો જ પ્રેમ શ્રીઠાકોરજીને વ્રજભક્તોમાં પણ છે. ભક્તોના મનને આનંદ આપવા તો આપ પ્રગટ થયા છે.

પ્રાગટ્યોત્સવના વધાઈના દિવસોમાં આ પદ સર્વત્ર પોઢવાના પદ તરીકે ગવાય છે.

૮. અમૂલ્ય ઉપદેશ

રાગ - ટોડી

કિયો ગોપાલકો સબ હોય ।
જો જાને પુરુષારથ અપનો, અતિસે જૂઠો સોય ॥૧॥
સુખ-દુઃખ લાભ-અલાભ સહજ ગતિ, તાહિ ન મરિયે રોય ।
જો કછુ લેખ લિખ્યો નંદનંદન, મેટિ સકે નહિ કોય ॥૨॥
સાધન મંત્ર જંત્ર ઉદ્યમ બલ, યહ સબ ડારો ધોય ।
પરમાનંદદાસકો ઠાકુર, ચરનકમલ ચિત્ત પ્રોય ॥૩॥

પરમાનંદદાસજીએ આ સુંદર પદમાં એક અમૂલ્ય વાત કહી છે. તેઓ કહે છે કે શ્રીહરિનું કર્યું જ સર્વ કાંઈ થાય છે. જો કોઈ એમ માને કે મારા પુરુષાર્થથી, મારી હોંશિયારીથી હું બધું કરું છું, તો એ વાત સાવ જુઠ્ઠી છે.

ભગવદિચ્છા અનુસાર થયેલા વિધિ નિર્માણને કોઈ રોકી શકતું નથી. માનવી ગમે તેટલી હોંશિયારી વાપરે તો પણ સુખ-દુઃખ, લાભ-હાનિ બધું સમયાનુસાર જીવનમાં આવ્યા જ કરે છે. તો જ્યારે દુઃખ આવે કે નુકસાન થાય ત્યારે શા માટે તેનાં રોદણાં રડવા કે મનમાં ક્લેશ કરવો? ન જ કરવો. આપણા ભાગ્યમાં પ્રભુએ જે સુખ-દુઃખ લખ્યા હોય તેને કોઈ મિટાવી શકતું નથી.

સાધનનું બળ છોડો. કૃપાનું બળ સમજો. મંત્ર-જંત્રની શ્રદ્ધા છોડો. ભગવાનમાં શ્રદ્ધા રાખો. ઉદ્યમ કરવા છતાં એનું અભિમાન ન રાખો. એનું ફળ તો ભગવાન આપે તો જ મળે છે. લૌકિકમાં અનાસક્તિપૂર્વક જીવન જીવીને તમારી ચિત્તવૃત્તિને તો શ્રીકૃષ્ણના ચરણોમાં જ પરોવી દો.

ક્લેશનિવૃત્તિ, મનની શાંતિ અને આનંદની પ્રાપ્તિ માટે મહાનુભાવ પરમાનંદદાસજીએ આ કેવો અમૂલ્ય ઉપદેશ આપ્યો છે ! સાચે જ એ જીવનમાં ઉતારવા જેવો અને હંમેશ અનુસરવા જેવો છે. અસ્તુ.

With Best Compliments From

Desai Bros. & Co.

Station Road, Mehsana - 384 001 (Ph. 02762-244184)

DEALING IN

Kansai Nerolac Paints
Birla White Cement
Birla Wallcare Putty
Wonder Cement
Taralac Paints
Pidilite Dr. Fixit Construction Chemicals
&
General Building Materials

SHREEJI TRADERS

Anurag Building, Nagalpur Highway, Mehsana - 384002
(Ph. 02762-253760, 232211) Email : shreejitraders2004@yahoo.com

Rajendra R. Desai
Mobile : 098240 61750

Jignesh R. Desai
Mobile : 098243 14580

KANSAI NEROLAC PAINTS LIMITED
WONDER CEMENT EK PERFECT SHURUAAT
Birla White The Whitest White Cement
TARALAC®
DR. FIXIT WATERPROOFING SOLUTIONS
ICA COATINGS FOR WOOD ITALY

Best Wishes From

Shreeji Traders
Parvati Trading Co.

પ્રકાશન તારીખ : ૧૫-૧૦-૨૦૧૭ કુલ પાના : ૬૮ કિંમત-૪૦

Registered News Paper
BALPUSHTI (Monthly)
October-2017
Permitted to Post at Mehsana RMS
on 15th of Every Month

R.N.I. No.: 54910/92
POSTAL REG. NO. G/MEH/226 (VALID UPTO 31-12-2017)
Licence to Post without prepayment No. : CPMG/GJ/69/2015-2017
VALID UPTO 31-12-2017

જન્માષ્ટમીની વધાઈ

(પ્રભુના માહાત્મ્યનું વર્ણન)

રાગ - કાન્હરો

રચના - પરમાનંદદાસજી

યહ ધન ધર્મહી તેં પાયો ।
નીકે રાખ યશોદા મૈયા, નારાયન વ્રજ આયો ॥૧॥

જા ધનકો મુનિ જપ-તપ ખોજત, વેદ હુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગરમેં બ્રહ્મા જાય જગાયો ॥૨॥

જા ધનતેં ગોકુલ સુખ લહિયત, સગરે કાજ સંવારે ।
સો ધન બાર બાર ઉર અંતર, પરમાનંદ વિચારે ॥૩॥

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ વતી તંત્રી અને પ્રકાશક : વસંતબેન રમેશભાઈ પરીખ, 'વ્રજરજ', ૩૧, શિવ સોસાયટી વિ.૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨ (ફોન : ૨૫૧૨૯૮) મુદ્રક : અમિત રમેશભાઈ પરીખ, પુષ્ટિ પ્રિન્ટ્સ, સી-૧/૬૩, જી.આઈ.ડી.સી., દેદિયાસણ, મહેસાણા.

If not delivered Please Return to -
Shri Harsanlji Public Charitable Trust, Post Box No. 16, MEHSANA - 384 002. [INDIA]